Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जगत् का उपादान कारण की समीक्षा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar



Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... १५ ग
९९
२५५६२

पक्षिका संख्या.....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्ज पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

પ્રાચીન દર્શનશાસ્ત્રો અને આધુનિક સાંપ્રદાયિક આચાર્યો

જગતના ઉપાદાન કારણની સમીક્ષા



સ્યક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

: લેખક :

શ્રીમાન્ પં. વિજયશંકર મૂળશંકર



: પ્રકાશક :

અમૃતલાલ કરસનજી પટેલ
મંત્રી : આર્યસમાજ મુંબઈ,
વિઠ્ઠલભાઈ પટેલ રોડ, કાકડવાડી,
મુંબઈ નં. ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

जगत् के उपादान कारण की समीक्षा पर आर्य विद्वानों की सम्मतियां

आर्य जगत् के प्रसिद्ध विद्वान श्री पं. अयोध्याप्रसादजी बी. ए. रिसर्चस्कालर लिखते हैं—

जगतके उपादान कारण की समीक्षा नामक पुस्तक के अवलोकन करनेका अवसर प्राप्त हुआ। मेरे चिरपरिचित श्रीमान् पं. विजयशंकरजी महोदय की यह कीर्ति है। पुस्तकके लिखनेके लिए लेखक महोदयने जगत्कारण विषयक प्रायः समस्त भारतीय दार्शनिक विचारों का अवलोकन किया है जैसा कि पुस्तक के पठनसे पाठकोंको ज्ञात होगा।

आर्यसमाज के प्रवर्तक ऋषि दयानन्द के सिद्धान्त का अन्यान्य दार्शनिक विचारों के साथ तुलना करके ऋषि दयानन्द के सिद्धान्त के महत्त्व को युक्तियुक्त प्रमाणों द्वारा सिद्ध कर लेखक महोदयने अपनी अतुलित बुद्धि का परिचय दिया है।

मेरे विचार में दार्शनिक मनोवृत्ति युक्त पाठकों को इस पुस्तक के अध्ययन से बहुत ही लाभ होनेकी सम्भावना है तथा ऋषि दयानन्द की विचारशैली के महत्त्व को इस पुस्तक द्वारा भली प्रकार अवगत किया जा सकता है।

अयोध्याप्रसाद
आचार्य : आर्य समाज : कलकत्ता
१८-४-५५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ओ३म् ॥

शास्त्रार्थ महारथी पं. रामचन्द्रजी दहेलवी लिखते हैं—

मैंने श्री पं. विजयशंकरजी प्रधान बम्बई प्रदेश आर्य प्रतिनिधि सभा द्वारा लिखित "जगत् के उपादान कारण की समीक्षा तथा उपादान कारणमें सर्व दर्शनोंकी एक वाक्यता" देखी और बहुत ध्यान से सुनी।

पुस्तक बडी योग्यता से लिखी गई है। प्रत्येक प्रकार से पूर्ण है।

अपने वैदिक सिद्धान्त के निरुपण व पोषण में और विरोधियों के खंडनमें।

मैं बडा प्रसन्न हुआ जब मैंने इसको सुना, और साथ ही यह भी ज्ञात हुआ कि सभाके प्रधान इतने योग्य और सिद्धान्तों के ज्ञाता हैं।

जिनको इस पुस्तक के पढने का अवसर प्राप्त होगा, वे अवश्य ऐसा ही अनुभव करेंगे जैसा मैंने किया है।

रामचन्द्र दहेलवी
१३-४-५५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દર્શનાચાર્ય પંડિત મયાશંકરજીની સંમતિ

આ લેખ તર્ક, પ્રમાણો અને ગંભીર વિચારણાથી ભરપૂર છે

વૈદિક તત્વજ્ઞાસુ જગત ઘણા લાંબા સમયથી જેની પ્રતીક્ષા કરી રહ્યું હતું, તે કલ્યાણમય ધ્વનિ છેવટે મહર્ષિ સ્વામિ દયાનંદ સરસ્વતીના પવિત્ર મુખારવિંદમાંથી સંભળાયો કે, સમસ્ત કાર્યાત્મક જગત પ્રકૃતિમાંથી એક અનાદિ નિધન ચેતન કર્તાએ ભોક્તાઓને માટે બનાવ્યું છે, અને તેને માટે 'વૈદિક છ દર્શનકારોએ' પોત પોતાની શૈલી પ્રમાણે અવિરોધી શિક્ષણ આપ્યું છે. જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાપકની ત્રિપુટી એ વૈદિક જગતનો સદૈવ ઝળહળતો દેદીપ્યમાન સૂર્ય છે.

સંભવ છે કે, શ્યામ મેઘોની ગાઢ ઘટાથી સૂરજ અમુક સમયને માટે ઢંકાઈ જાય પણ, તેને સદા અંધારામાં તો કોઈપણ રાખી શકે નહિ. એક સમય હતો જેમાં અખા જેવા વિચારક કવિઓને પણ લખવું પડ્યું હતું કે 'ષડદર્શન અંધારો, કુવો ઝંઘેડો રાખી કોઈ ન મુવો.' પણ જો તેને યુગવિધાયક સ્વ. સ્વામી દયાનંદની કલ્યાણમયી સરસ્વતી સાંભળવા મળી હોત તો તેને એવું વચન ઉચ્ચારવું ન પડત.

શ્રી. પંડિત વિજયશંકરજીએ સ્વામીજીના એ જ વચનના ભાષ્ય રુપે 'જગતના ઉપાદાન કારણની સમીક્ષા' નામનો બહુ ટુંકો નહિ તેમ બહુ લાંબો નહિ એવો સુંદર લેખ સમયસર બહાર પાડ્યો છે. આજકાલના વિદ્વદ્ જગતનો મોટો ભાગ એક જ તત્વમાંથી જગત્ ઉત્પન્ન થયું છે, જડ અને ચેતનનો મૂળમાં ભેદ નથી એમ માને છે, એટલું જ શા માટે? તેવું નહિ માનનાર સાચો તત્વજ્ઞાની નથી એ હિંદુ ધર્મની વિશિષ્ટતા છે, એમ પણ માને છે. આનો સચોટ જવાબ જેને જોઇતો હોય તેણે શ્રી. પંડિતજીનો આ લેખ જરૂર વાંચવો. **આ લેખ તર્ક, પ્રમાણો અને ગંભીર વિચારણાથી ભરપુર છે.** એ વાત સત્ય છે કે આદ્ય શંકરાચાર્ય અને તેના પછીના સાંપ્રદાયિક નવીન વેદાન્તીઓનાં લખાણોએ વૈદિક તત્વ સમજાવવામાં ઘણો અંધકાર ફેલાવ્યો છે. એમની જાળમાંથી ભાગ્યે જ કોઈ જિજ્ઞાસુ બચી શક્યો હશે.

ઉપાદાન (સમવાયિ કારણ) અસમવાયિ કારણ અને નિમિત્ત કારણમાં ભેદ સ્પષ્ટ છે. ઉપાદાન કારણ પોતે જ નિમિત્ત બને એવું કોઇ દૃષ્ટાંત જગતમાં નથી છતાં, નવીન વેદાન્તીઓએ કરોળિયા જેવાં એકતાનાં દૃષ્ટાંતો આપી ભોળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતને ભમાવવામાં બાકી રાખી નથી. શ્રી માન્ય પંડિતજીએ એ દૃષ્ટાંતોનું વિશ્લેષણ કરી એનો સ્પષ્ટ અર્થ કરી કારણોનો ભેદ બહુ બુદ્ધિપૂર્વક સમજાવ્યો છે. જેથી આપણે સમજી શકીએ છીએ કે એ લોકોએ ક્યાં ગોથું ખાધું છે.

ઉપનિષદના કેટલાંયે વાક્યોનો એ લોકોએ ઉલટો અર્થ જનતા સમક્ષ મૂક્યો છે તેના ઉપર પણ પંડીતજીએ સુંદર અને મધુર ચંદ્રિકા પાથરી અંધકારને દૂર કર્યો છે. 'પ્રકૃતિવાદી મહર્ષિ કપિલ અને પરમાણુવાદી મહામુનિ કણાદ જગતના ઉપાદાન કારણ વિષે ભિન્ન મત ધરાવે છે'. આ માન્યતા એઓએ પોતાના પ્રમાદ ઉપર ઊભી કરી છે, એ પણ આ લેખ વાંચતા સહેલાઈથી સમજી શકાય છે.

પ્રકૃતિ અને પરમાણુ આ બે શબ્દ પ્રયોગો જગતના મૂળ ઉપાદાન વિશે ભેદને ઉત્પન્ન ન કરી શકે. શું ઘટ અને કુંભ આ બે શબ્દ પ્રયોગો એક જ અર્થને નથી જણાવતા? સત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણોની સામ્યવસ્થા એ પ્રકૃતિ, સત્વાદિ શબ્દો પણ સામાન્ય વાચક શબ્દો જ છે, એટલે પ્રકૃતિનું પર્યવસાન પરમાણુઓમાં એ ન્યાય્ય જ છે. શું એક જ વિષયને વિદ્વાનો વિવિધ દૃષ્ટિબિંદુથી નથી સમજાવતા? અંક ગણિત આદિ એક જ વિષય ઉપર ભિન્ન ભિન્ન વિદ્વાનોએ પોતપોતાની દૃષ્ટિથી વિવિધ ગ્રંથો નથી લખ્યા? શું એવા ગ્રંથોથી ગણિત આદિ વિષયમાં મૂળગત ભેદ આવે છે? ૭×૫ નો જવાબ આપવામાં કોઇપણ ગણિત શાસ્ત્રી બીજા ગણિતજ્ઞથી જુદો પડશે કે? આવા વિવાદ ગ્રસ્ત વિષયોને પંડિતજીએ ખૂબ શ્રમ ઉઠાવી બહુ કૌશલ્યપૂર્વક વિશદતાથી સમજાવ્યા છે.

વૈદિક જગતમાં આ લેખ પોતાનું અનોખું અને અસાધારણ સ્થાન સાચવે છે કે, જેની વૈદિક જગતમાં ઘણી જરૂર હતી. હરેક તત્વજ્ઞાસુએ તથા હરેક આર્ય સમાજ ભાઈએ આ લેખ લક્ષપૂર્વક બહુવાર વાંચવો એવી મારી ઈચ્છા છે. મેં એ લેખ એક કરતાં વધારે વાર વાંચ્યો છે, જેમાં મને પંડિતજીનું ખૂબ ઉંડાણ ભર્યું અને વિશાળતા પૂર્ણ વાચન જણાયું છે. આર્ય સમાજની સૃષ્ટિમાં હજી આવા અનેક લેખો તથા પુસ્તકોની જરૂર છે. લેખકનો ઉદ્દેશ જનતામાં સમન્વય અને એકતા આણવાનો છે. જેની અત્યારે જ નહિ પણ સદાને માટે જરૂર છે. હું આશા રાખું છું કે પંડિતજીના વિશાળ વાંચન અને ઉંડા મનનમાંથી આવા ઉપકારક લેખો વધારે ને વધારે ઝરતા રહેશે.

—મયાશંકર શર્મા : દર્શનાચાર્ય
આણંદ : તા. ૧૫-૪-૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ઓ૩મ્ ॥

પ્રાચીન દર્શનશાસ્ત્રો અને આધુનિક સાંપ્રદાયિક આચાર્યો

જગતના ઉપાદાન કારણની સમીક્ષા

લેખક : શ્રીમાન્ પં. વિજયશંકર મૂળશંકર : મુંબઇ

સર્વનું સર્વમંગળ થવાનાં હેતુને સિદ્ધ કરવા સ્રષ્ટાએ આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. દીર્ઘદ્રષ્ટા ઇશ્વરની સત્તાએ એ હેતુને ધર્યો છે, અને તે પ્રમાણે જગતમાં તેનું રાજ્ય ચાલે છે. વારંવાર સૃષ્ટિનું સર્જન અને વિસર્જન આદિ સર્વનું સર્વોત્તમ શ્રેય થાય તે હેતુને લક્ષમાં રાખીને વિશ્વવ્યાપક સત્તા જ આ સર્વ સંચાલન કરે છે. પરમાણુથી માંડીને સૂર્ય પર્યંતના સમસ્ત પદાર્થોના સંચાલન માટેના નિયમો પોતાની મેળે આપોઆપ નિરંતર કાર્ય કરી રહ્યા છે. આ દીર્ઘ દર્શનપૂર્વક ઇશ્વરી સત્તાના જ્ઞાનસંપાદનથી અને એ સત્તાના કાર્યને અનુકૂળ એકસૂર આંદોલનને જાણવાથી જ એ સંચાલનનું ખરૂં સ્વરૂપ સમજાય છે. સર્વનું શ્રેય એ ઇશ્વરીય હેતુ હોવાથી, ઈશ્વરીય મહાસંસ્થા, તે હેતુ પાર પાડવા જે રીતે કામ કરે છે, તે ખચ્ચિત આશ્ચર્યકારક અને સુંદર છે. તેના જાથૂક અચલાયમાન, ફેરફાર નહિ થઇ શકે તેવા નિયમો, તે સંપૂર્ણ ઈશ્વરી કાયદા પુસ્તક છે. તે ઇશ્વરના તત્ત્વ શ્વાસરૂપ છે, અને તે ઇશ્વર અનાદિકાલથી કેવી રીતે વિદ્યમાન છે અને સર્વે પર કેવી રીતે તે શાસન કરે છે તે એ પુસ્તક દર્શાવી આપે છે.

પ્રત્યેક સૃષ્ટિના સમયે માનવસૃષ્ટિના આરંભમાં તે સંપૂર્ણ ઈશ્વરીય કાયદા પુસ્તક જ્ઞાન રૂપે ઋષિઓના આત્માદ્વારા પ્રેરણાત્મક રૂપે આવિર્ભૂત થાય છે અને તેને "વેદ" એટલે ઈશ્વરીજ્ઞાન તરીકે પરંપરાથી જાણવામાં આવે છે. ઋક્, યજુ, સામ અને અથર્વ એવા તેમના નામ આપવામાં આવ્યાં છે, અને આચાર્ય પરંપરાથી શ્રુતિગોચર થયેલ હોવાથી તેને શ્રુતિ શબ્દથી પણ સંબોધવામાં આવેલ છે. નિત્યજ્ઞાન સર્વોત્તમ નિત્ય સુખનું શ્રેષ્ઠ સાધન છે, અને અજ્ઞાન જ સર્વ દુઃખોનું મૂળ છે. અજ્ઞાન કેવું દુઃખદ છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહર્ષિ પતંજલિ ભગવાન કહે છે કે જ્યાં અજ્ઞાન અકુંચિત થઈ અભિવૃદ્ધિત થાય છે એવી ભૂમિ તે અજ્ઞાનની જ છે. કુદરતી બલવાન તત્ત્વોની ખોટી દિશામાં દોરવણીનું પરિણામ જ આ જગતમાં જે અનિષ્ટ છે તે છે અને તેનું આદિ કારણ અજ્ઞાન જ છે.

નિત્યજ્ઞાનથી જ સંપૂર્ણ અજ્ઞાન દૂર કરી શકાય છે, અને એટલા માટે **ऋतेज्ञानान्न मुक्तिः** (જ્ઞાન વિના મુક્તિ નથી) એવો ઉપદેશ આપવામાં આવ્યો છે. કર્મની મહત્તા પણ ઓછી નથી–કર્મ વિના કાંઈ પણ થઈ શકતું નથી આખું જગત આપણને નિરંતર કર્મનો ઉપદેશ આપે છે, પરંતુ હિતકારક કર્મનો વિવેક જ્ઞાન વિના થઈ શકે નહિ, અને તે વિવેક સંપાદન કરવા માટે જ્ઞાનની આવશ્યકતા પડે છે. જ્ઞાનયુકત કર્મ જ લાભદાયક છે, એટલા માટે જ્ઞાનની શ્રેષ્ઠતા બતાવી છે.

સૃષ્ટિકર્તા ઈશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરીને જ મનુષ્ય પોતાના અંતિમ ઉદ્દેશ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે, એવો ભગવતી શ્રુતિનો ઉપદેશ છે. **तमेव विदित्वातिमृत्युमेति नान्यःपन्थाविद्यतेऽयनाय** એવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે, જેને જાણવાથી બધું જાણી ગયા અને તે પછી જાણવાનું કાંઇ પણ બાકી રહેતું નથી એવા વચનો વેદાંતશાસ્ત્રોમાંથી મળી આવે છે. તેનું રહસ્ય પણ એ જ છે કે જેને જાણવાથી બધું જાણી ગયા તે સર્વવ્યાપક સૃષ્ટિકર્તા ઈશ્વર અથવા બ્રહ્મ છે, પરંતુ તેને જાણવા માટે જગતના તમામ પદાર્થોને જાણવા પડે છે. કર્તાની કૃતિને જાણીને જ કર્તાનું જ્ઞાન થાય છે એટલા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ, ઉત્પન્ન અને અનુત્પન્ન, સ્થૂળ અને સૂક્ષ્મ, જડ અને ચેતન, તથા પરમાણુથી માંડીને સૂર્ય પર્યંતના તમામ પ્રકારના પદાર્થોનું નિર્ભ્રાંત અને અપરોક્ષ હસ્તામલકવત્ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. તેથી કાર્યકારણ વાદનું સ્વરૂપ પણ સમજાય છે. જગતના સમસ્ત પદાર્થોનું વાસ્તવિક જ્ઞાન થવાથી અવિદ્યા એટલે અજ્ઞાનનો નાશ થાય છે અને સર્વ દુઃખનું મૂળ જે અજ્ઞાન છે તે નિવૃત્ત થવાથી જ્ઞાન કર્મ સમુચ્ચયના બળ વડે દુઃખોની આત્યંતિક નિવૃત્તિ માટે આરંભાયલો પરમ પુરૂષાર્થ સિદ્ધ થાય છે. વેદ સર્વ જ્ઞાનનું આદિ મૂળ હોવાથી અને વેદ સર્વ સત્ય વિદ્યાયુકત હોવાથી–વેદનું ભણવું ભણાવવું એ આર્યોનો પરમ ધર્મ છે એમ મહર્ષિ દયાનંદે આર્યોનાં પરમ કર્તવ્ય તરફ ધ્યાન દોર્યું છે. વેદમાં વર્ણવેલી તમામ વિદ્યાઓને જાણવા માટે સાંગોપાંગ ચારે ય વેદોને ભણવાનું વિધાન મહર્ષિઓએ પોતાના ગ્રંથોમાં બતાવ્યું છે, અર્થાત્ વેદમાં વર્ણવેલી વિવિધ પ્રકારની વિદ્યાઓને યથાર્થ રીતે જાણવા માટે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાઓનું વિસ્તારપૂર્વક વર્ણન કરનારાં અને તે જાણવાની સરળ પ્રદ્ધતિ બતાવનારા વેદના અંગો અને ઉપાંગો પણ જાણવા જોઇએ. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ મૂળ ચાર વેદો તથા (૧) આયુર્વેદ (૨) ધનુર્વેદ, (૩) ગાંધર્વવેદ (૪) અર્થવેદ એ ચાર ઉપવેદો તથા (૧) શિક્ષા (૨) કલ્પ (૩) વ્યાકરણ (૪) નિરુક્ત (૫) છંદ અને (૬) જ્યોતિષ એ ૬ અંગો છે; અને (૧) ન્યાય (૨) વૈશેષિક (૩) સાંખ્ય (૪) યોગ (૫) મીમાંસા અને (૬) બ્રહ્મસૂત્ર એ વેદનાં ૬ ઉપાંગો છે. ઉક્ત વેદોના ૬ ઉપાંગોમાં મહર્ષિ ગોતમ મુનિ કૃત ન્યાય દર્શન, શ્રી કણાદ મુનિ કૃત વૈશેષિક દર્શન, શ્રી કપિલ મુનિ કૃત સાંખ્ય દર્શન, મહર્ષિ પતંજલિ મુનિ પ્રણીત યોગદર્શન, શ્રી જૈમિનિ મુનિ રચિત પૂર્વ મીમાંસા અને મહર્ષિ વ્યાસ મુનિ કૃત બ્રહ્મસૂત્ર એટલે વેદાંત દર્શન ગણાય છે.

સર્વ પ્રકારનાં દુઃખોની આત્યંતિક નિવૃત્તિ અને પરમ સુખની અવિચળ પ્રાપ્તિ માટે જ્ઞાન કર્મ સમુચ્ચયના માર્ગનું વાસ્તવિક જ્ઞાન મેળવવામાં ઉપર જણાવેલાં ૬ દર્શન શાસ્ત્રો પરમ સહાયક છે. દેશકાલ અને અધિકારીજનોની આંતરબાહ્ય પરિસ્થિતિ પ્રમાણે એ પરમ પુરુષાર્થ સિદ્ધ કરવાના ઉપાયોને મહર્ષિઓએ સરળ બનાવી બતાવ્યા છે. સૃષ્ટિના સમસ્ત જડ, ચેતન, પરોક્ષ અને અપરોક્ષ પદાર્થોની ઉત્પત્તિ, તેમનું વાસ્તવિક સ્વરૂપ, તેમના કાર્યકારણનો વિવેક, નિમિત્ત તથા ઉપાદાન કારણનો બોધ, પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહ સ્થાન એ સોળ પદાર્થોનાં તત્ત્વજ્ઞાનથી મોક્ષ પ્રાપ્તિ થાય છે તેમ મહર્ષિ ગોતમ મુનિએ બતાવ્યું છે. તેનો શ્રી કણાદ મુનિએ વૈશેષિક દર્શનમાં સાત પદાર્થોમાં અંતર્ભાવ કરી તેમનું વિશેષ રૂપે નિરૂપણ કર્યું છે માટે તેનું નામ વૈશેષિક દર્શન પડેલું છે.

દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ આ સાત પદાર્થ કણાદ મુનિએ પોતાના વૈશેષિક દર્શનમાં કહેલ છે. તેમાં પ્રથમ ૬ ભાવ પદાર્થ છે, અને સાતમાને અભાવ પદાર્થ કહેલ છે. દ્રવ્ય, ગુણ, કર્મ એ ત્રણ પદાર્થ જાતિ છે, અને સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ ચાર પદાર્થ ઉપાધિ છે. પદનો અર્થ તે પદાર્થ એ વ્યુત્પત્તિ વડે કરીને પદાર્થનું સામાન્ય લક્ષણ કહીએ તો અભિધેયત્વ એ લબ્ધ થાય છે; જે વસ્તુ વાણી વડે કથન કરવામાં આવે તેને અભિધેય કહે છે. સર્વે વસ્તુ અભિધેય છે. આ સૃષ્ટિમાં પરમેશ્વરના રચેલા અનંત પદાર્થ છે પરંતુ શ્રી કણાદ મુનિએ સર્વેનો સાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થમાં જ અંતર્ભાવ કરેલ છે. અહીં જો કોઇ એમ કહે કે આઠમો શક્તિરૂપ એક પદાર્થ છે તે એ કે જે અગ્નિ પ્રતિબંધક મણિનો જોગ મળે તો અગ્નિની દાહક શક્તિ જતી રહે છે અને તેનો જોગ ન મળે તો દાહક શક્તિ છે તેવી જ બની રહે છે માટે શક્તિરૂપ એક આઠમો પદાર્થ છે ખરો. તેનો ઉત્તર એ છે કે આઠમો પદાર્થ નથી કારણ કે દાહનો પ્રતિબંધ કરનાર મણિ છે. જ્યાં મણિનો અભાવ હોય ત્યાં દાહ થાય છે. પ્રતિબંધકનો અભાવ એજ દાહનું કારણ થઇ શકે છે એથી નિર્વાહ પણ થાય છે. એમ છતાં વળી મણિને જોગે દાહનો પ્રતિબંધ અને તેને વિજોગે દાહ એમ અનંત શક્તિઓની અને તેમના ધ્વંસની કલ્પના કરતાં બહુ ગૌરવ થાય છે, તે અન્યાય છે માટે શક્તિ એ આઠમો પદાર્થ નથી. નિશ્રેયસની પ્રાપ્તિ માટે જગતના પદાર્થોનું, સૃષ્ટિ તથા તેના ઉપાદાન; નિમિત્ત આદિ કારણોનું નિર્ભ્રાંત વાસ્તવિક જ્ઞાન મહર્ષિ કણાદ મુનિએ વૈશેષિક દર્શનમાં ભર્યું છે જે ભૌતિક તેમજ આત્મિક વિજ્ઞાનની પ્રાપ્તિ માટે પરમ ઉપયોગી છે.

તેવી જ રીતે શ્રી કપિલ મુનિએ પોતાના સાંખ્ય દર્શનમાં પ્રકૃતિ અને પુરુષનું વર્ણન કરી જડ ચેતનના ભેદને સપ્રમાણ અને સતર્ક સમજાવેલ છે. વિશ્વ બ્રહ્માંડના સમસ્ત પદાર્થોના જડ અને ચેતનના એમ બે વિભાગો કરી પ્રકૃતિ જેને સામ્ય અવસ્થા કહે છે તે સામ્ય અવસ્થાના કારણ રૂપમાંથી વૈષમ્ય અવસ્થા એટલે કાર્યરૂપમાં આ જગત કયી રીતે બને છે તેનો ક્રમ બતાવી કારણરૂપ પ્રકૃતિ સત્ ચેતન જીવાત્મા સત્‌ચિત્ અને અન્ય નિમિત્ત કારણ સત્ ચિત્ અને આનંદ સ્વરુપ બ્રહ્મ અને તેના નિત્ય જ્ઞાન વેદને સમજાવી વિવેક જિજ્ઞાસુઓ પર પરમ ઉપકાર કરેલ છે.

વિદ્યા, અવિદ્યા, કલેશ અને કલેશથી ઉત્પન્ન થતાં કર્મો અને તેના વિપાકનું વિસ્તૃત વિવેચન કરી તેમાંથી જીવાત્માએ કેવી રીતે અવિદ્યા આદિ દોષોથી રહિત થવું તેનું કારણિક ભગવાન મહર્ષિ પતંજલિએ પોતાના યોગ-દર્શનમાં નિરૂપણ કર્યું છે. યોગના આઠ અંગો દ્વારા મોક્ષની પ્રાપ્તિનો માર્ગ, ઇશ્વરના સ્વરૂપનું વર્ણન અને જીવ ઇશ્વરનો ભેદ સમજાવી વિદ્યા, જ્ઞાન અને વિચારને વૈજ્ઞાનિક અને દાર્શનિક રીતે સમજાવેલ છે જે મોક્ષની પ્રાપ્તિ માટે પરમ ઉપયોગી છે.

ત્યાર બાદ મહર્ષિ જૈમિનિએ વૈદિક કર્મકાંડ મીમાંસા યુક્ત પૂર્વ મીમાંસા નામનો ગ્રંથ રચ્યો અને તેમાં કર્મના પ્રકારો, નિત્ય અને નૈમિતક કર્મો, વેદા-વિહિત નિષિદ્ધ કર્મો, સકામ કર્મોનું પ્રતિપાદન કરી નિષ્કામ કર્મ પ્રતિ મુમુક્ષુ-જનોનું પ્રયાણ થાય તે હેતુથી પૂર્વ મીમાંસા નામનું દર્શનશાસ્ત્ર બનાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતમાં એવું કોઈ પણ કાર્ય નથી જેને બનાવવા ક્રિયાની જરૂર ન પડે. તો પછી સૃષ્ટિ ઉત્પત્તિ તો કેમ જ થાય? કર્મ અને અકર્મનું રહસ્ય જાણી કર્મબંધનથી રહિત થઇ બ્રહ્મને જાણવાની ઇચ્છા થાય છે.

ઉપર જણાવેલ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ અને જ્ઞાન તથા કર્મમાંથી યોગ્યતા ઉત્પન્ન કર્યા પછી સૃષ્ટિકર્તા બ્રહ્મને જાણવાની જીજ્ઞાસાને તૃપ્ત કરવાના હેતુથી મહર્ષિ વ્યાસે સૃષ્ટિકર્તા બ્રહ્મનું નિરૂપણ કરનારૂં બ્રહ્મસૂત્ર અથવા વેદાંત દર્શન રચ્યું છે; જેમાં બ્રહ્મનું વાસ્તવિક સ્વરૂપ, બ્રહ્મનું નિમિત્તકારણ રૂપ સૃષ્ટિ કર્તૃત્વ, જીવનું સ્વરૂપ, પ્રકૃતિમાંથી જગત ઉત્પન્ન કરવાના હેતુ, નિમિત્ત, ઉપાદાન અને સાધારણ કારણનું સ્પષ્ટીકરણ કર્યું છે. પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષના રૂપમાં અગાધ બ્રહ્મ જ્ઞાનનું વાસ્તવિક દર્શન કરાવી મહર્ષિ વ્યાસે મોક્ષનું સ્વરૂપ, મોક્ષના સાધનો તરફ મુમુક્ષુજનો સમક્ષ રજુ કરી વેદાંતદર્શન દ્વારા જિજ્ઞાસુઓ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે.

ઉપર્યુક્ત દર્શન શાસ્ત્રોએ આ સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થઇ છે? કોણે ઉત્પન્ન કરી છે? સૃષ્ટિકર્તા કોઇ છે કે નહિ? સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું શું પ્રયોજન છે? વિગેરે અનેક પ્રશ્નોની છાણવટ કરી છે. સૃષ્ટિનું નિમિત્ત અને ઉપાદાન કારણ શું છે? અને સૃષ્ટિ કર્તાના વાસ્તવિક ગુણકર્મ સ્વભાવનું વર્ણન, જીવના ગુણકર્મ સ્વભાવનું વર્ણન અને પ્રધાન કારણ પ્રકૃતિના ગુણકર્મ સ્વભાવનું વર્ણન એ બધું દર્શન શાસ્ત્રોનું હાર્દ છે. તે બધામાં આ લેખનો મુખ્ય ઉદ્દેશ સૃષ્ટિના ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ ઉપર પ્રકાશ નાખવાનો છે; કારણ કે આધુનિક સાંપ્રદાયિક આચાર્યોએ સૃષ્ટિના ઉપાદાન અને નિમિત્ત કારણના સંબંધમાં મોટો મતભેદ ઊભો કરી તે વિષે વિદ્વાનોમાં અને સામાન્ય જનતામાં મોટું અજ્ઞાન અને ભ્રાંતિ ફેલાવેલ છે; પોત પોતાનાં મંતવ્યોને સિદ્ધ કરવા માટે કેવલા-દ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈતાદ્વૈત વિગેરે અનેક વાદ અને ભેદ ઊભા કર્યા છે. આ બધા મતભેદોને અને વાદોને ખરી રીતે ઉપર જણાવેલાં મહર્ષિઓ પ્રણીત છ દર્શનોનાં મૂળ સૂત્રો સાથે કશો સંબંધ નહિ હોવા છતાં તેમના અર્થોને તાણી તોડી મારીમચડીને પોતાના મંતવ્યોને અનુરૂપ અને અનુકૂળ બનાવવા પ્રચંડ પ્રયાસો કર્યાં છે, અને તે માટે શ્રી શંકરાચાર્યનું શારીરક ભાષ્ય, શ્રી રામાનુજનું શ્રી ભાષ્ય, શ્રી વલ્લભાચાર્યનું અણુ ભાષ્ય, શ્રી નિંબાર્કાચાર્યનું વેદાંત પારિજાતિ સૌરભનામક ભાષ્ય અને શ્રી માધ્વાચાર્ય પૂર્ણપ્રજ્ઞ દર્શન ભાષ્ય મુખ્ય છે. તે ભાષ્યો પર તેમના શિષ્યોએ ટીકાઓ, વૃત્તિઓ, કારિકાઓ, અનુવાદો, સાર વિગેરે નામનાં અનેક પુસ્તકો લખ્યાં છે, અને સૌ સૌએ પોત પોતાના મંતવ્યોનું પ્રતિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાદન કરી અન્યના મંતવ્યો પર પ્રબળ પ્રહાર કર્યા છે જેને લીધે સાંપ્રદાયિક રાગદ્વેષ વધવા પામ્યો છે.

ઉપર્યુક્ત સંપ્રદાય પ્રવર્તનના યુગમાં પ્રસ્થાનત્રયીના નામે સંપ્રદાયોના ભેદો અને વાદોને દૃઢ કરવામાં આવ્યા છે. આ પ્રસ્થાનત્રયી બૌદ્ધોના ત્રિપિટકની નકલ કરવામાં આવી છે. સંપ્રદાયના આચાર્યોએ પ્રસ્થાનત્રયી ઉપર પોતપોતાના મંતવ્યોને સત્ય ઠરાવવા માટે ભાષ્યો કર્યાં છે; પ્રસ્થાનત્રયી એટલે ઉપનિષદો, શ્રીભગવદ્ગીતા અને બ્રહ્મ સૂત્ર એટલે વેદાંત દર્શન. આ ત્રણ ગ્રંથોને પ્રસ્થાનત્રયી કહેવામાં આવે છે. કોઇપણ સંપ્રદાયનાં આચાર્યની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે પોતાના સંપ્રદાયને અનુકૂળ ભાષ્ય કરવાં પડે છે અને ઉપર જણાવેલ સંપ્રદાયના આચાર્યોએ પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્યો કરેલ છે. જો કે ઇશ્વરકૃત વેદોને તથા છ મહર્ષિઓ પ્રણીત દર્શન શાસ્ત્રોના મૂળ સૂત્રોને આધુનિક સંપ્રદાયોના આચાર્યોએ ઊભા કરેલા કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત, દ્વૈત કે દ્વૈતાદ્વૈતના વાદો સાથે કશો સંબંધ નથી. છતાં પોતાના મંતવ્યો અને વાદોને વેદાનુકૂળ સિદ્ધ કરવા માટે અર્થના અનર્થ કરી છળકપટનો આશ્રય લઇ દુરાગ્રહ સેવી વેદ, ઉપનિષદ, દર્શન શાસ્ત્ર અને ભગવદ્ગીતા વિગેરે ગ્રંથકર્તાઓના અભિપ્રાયથી વિરુદ્ધ કલ્પના કરી પોતાના ઊભા કરેલા વાદોને સિદ્ધ કરવા અનેક ગ્રંથો લખી નિષ્ફળ પ્રયત્ન કર્યો છે, તે એટલે સુધી કે ઇશ્વરકૃત વેદની ચાર સંહિતાઓના મૂળ મંત્રોને જ વેદ કહેવાય છે તે સિદ્ધાંતની અવગણના કરી ઉપનિષદોને પણ વેદ તરીકે માની મનાવી વેદનો પણ દ્રોહ કરવામાં તેમને જરા પણ સંકોચ થયો નથી, ઇશ્વરકૃત અને મનુષ્યકૃત ગ્રંથો અને જ્ઞાનનો ભેદ પણ તેઓ પક્ષપાતને કારણે ભૂલી ગયા અને તે વિષે અજ્ઞાનરૂપી અંધકાર તેઓએ સર્વત્ર ફેલાવી દીધો છે.

કૃષ્ણ યજુર્વેદ નામનું નવું પુસ્તક બનાવી તેને વેદ તરીકે જાહેર કરવામાં આવ્યો છે; પ્રાચીન ઉપનિષદોમાં અવૈદિક સિદ્ધાંતોનો ઉમેરો કરી કેટલાક નવીન ઉપનિષદો બનાવી અને ઉપનિષદોને વેદ તરીકે સ્વીકારીને સાંપ્રદાયિક આચાર્યો અને અન્ય વિદ્વાનોએ છેલ્લા બે હજાર વર્ષોમાં એવું મિશ્રણ કરી દીધું છે કે તેને શુદ્ધ કરી સમજવું મુશ્કેલ થઇ પડે છે. વાસ્તવિક વૈદિક સિદ્ધાંતો અને પ્રસ્થાનત્રયીના સિદ્ધાંતોમાં પરસ્પર વિરોધ, ભ્રમ અને ભેદ ઊભા કરી વૈદિક સાહિત્યને ભ્રષ્ટ કરવામાં આવ્યું છે. મનુસ્મૃતિ યાજ્ઞવલ્કય આદિ સ્મૃતિઓને બદલે શ્રીભગવદ્ગીતાને સ્મૃતિ તરીકે પ્રચલિત કરી સ્મૃતિઓને પણ ભ્રષ્ટ કરી છે. શ્રીમદ્ભગવદ્ગીતા મહાભારત ગ્રંથનો એક ભાગ હોવા છતાં તેને સ્મૃતિ બનાવીને દર્શન શાસ્ત્રના કેટલાક સૂત્રોના અર્થના અનર્થ કર્યા છે, ભગવદ્ગીતામાં પણ અવૈદિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધાંતોનો ઉમેરો કરવામાં આવ્યો છે અને તેમાં પણ વેદની નિંદા કરવામાં આવી છે. અત્યારે પ્રાપ્ત થતું વેદાંત દર્શન પણ મહર્ષિ વ્યાસ ભગવાનકૃત મૂળ બ્રહ્મ સૂત્રોમાં નવીન સૂત્રો વડે ઉમેરો કરાયેલું છે. આવી રીતે શ્રીઉપનિષદ, ભગવદ્ગીતા અને વેદાંત દર્શનમાં અવૈદિક સિદ્ધાંતોનો ઉમેરો કરી પ્રસ્થાનત્રયીને મહત્વ આપી મહર્ષિઓ કૃત ૭ દર્શન શાસ્ત્રોના સિદ્ધાંતોને ભ્રષ્ટ કરીને કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈત, દ્વૈતાદ્વૈત, શુદ્ધાદ્વૈતના અનેક અવૈદિક વાદો ઊભા કરી વૈદિક સાહિત્યને એટલે સુધી ભ્રષ્ટ કરવામાં આવ્યું છે કે મોટા મોટા વિદ્વાનો સત્યાસત્યનો નિર્ણય કરવામાં અને વાસ્તવિક રીતે તેને સમજવામાં નિષ્ફળ નીવડ્યાં છે. લોકમાન્ય તિલક જેવા વિદ્વાનને પણ ગીતા અર્થાત્ કર્મયોગ શાસ્ત્ર ગ્રંથ લખવામાં કેટલાય પ્રસંગોમાં મુંઝવણ ઊભી થયેલ છે, અને માત્ર ગ્રંથોના અવતરણો આપીને અટકી જવું પડ્યું છે. તેઓ પોતાનો નિર્ણય જાહેર કરી શકયા નથી.

આ લેખનો મુખ્ય વિષય સૃષ્ટિના નિમિત્ત અને ઉપાદાન કારણો વિષે સ્પષ્ટીકરણ કરવાનો છે. ઉપર જણાવેલા ૭ મહર્ષિઓ પ્રણીત દર્શન શાસ્ત્રોના સિદ્ધાંતો શા છે અને શ્રીશંકરાચાર્યાદિ આધુનિક સાંપ્રદાયિક આચાર્યોએ દર્શન શાસ્ત્રોના ઉકત સિદ્ધાંતોને કેવી રીતે ભ્રષ્ટ બનાવી વૈશેષિક દર્શનકારને અન્યાય કર્યો છે તે આ લેખમાં બતાવવાનું છે.

સૃષ્ટિના ઉપાદાન કારણ વિષે ૭ દર્શનોમાં પ્રબળ મતભેદ છે એમ સર્વત્ર ફેલાયલું છે, સૃષ્ટિ એ કાર્ય છે, અને તેથી તેનું કોઈ પણ નિમિત્ત કારણ હોવું જોઇએ અને તેનું ઉપાદાન કારણ પણ હોવું જોઇએ. પ્રત્યેક સંયોગ વિયોગ જન્ય પદાર્થના ત્રણ કારણ હોય છે. નિમિત્ત, ઉપાદાન અને સાધારણ ત્રણ પ્રકારના કારણો કહેવાય છે. જેમકે ઘડો છે તે ઘડાનો બનાવનાર કુંભાર એ નિમિત્ત કારણ, જેમાંથી ઘડો બને તે માટી ઘડાનું ઉપાદાન કારણ અને સ્થાન, સમય અને સાધનો વિગેરે સાધારણ કારણ એમ ત્રણ કારણો છે. વસ્ત્ર માટે વણકર તે નિમિત્ત કારણ, સુતર ઉપાદાન કારણ અને તેના સાધનો વિગેરે સાધારણ કહેવાય છે. આવી રીતે જગતના જેટલા સાવયવ પદાર્થો છે, અર્થાત સંયોગ વિયોગ જન્ય વસ્તુઓ છે. તે બધાને પણ ત્રણ કારણો હોય છે એમ પ્રત્યેક દર્શનકાર મહર્ષિઓ માને છે. ત્રણ કારણો માંહેના ઉપાદાન અને નિમિત્ત કારણ માટે જ મોટો મતભેદ સાંપ્રદાયિક આચાર્યોએ ઊભો કર્યો છે. વાસ્તવમાં ૭ દર્શનો વચ્ચે તે સંબંધમાં કાંઇ મતભેદ નથી પરંતુ અવૈદિક ભાષ્યકારોએ વ્યર્થ વિવાદ ઊભો કર્યો છે.

જો કોઈ કહે કે સૃષ્ટિનો કોઇ નિમિત્ત કારણરૂપ કર્તા નથી તો તે અસત્ય છે કારણ કે સૃષ્ટિ પણ સાવયવ, સંયોગ વિયોગ જન્ય ઉત્પત્તિમાન હોવાથી તેમજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિનું સમસ્ત સંચાલન બુદ્ધિ, વિજ્ઞાન અને નિયમ પૂર્વક હોવાથી તેનો સ્રષ્ટા હોવા જ જોઇએ. વળી સૃષ્ટિ શબ્દ જ સૃજ ધાતુથી બનેલ છે તેનો અર્થ ઉત્પન્ન કરવું એમ થાય છે માટે સૃષ્ટિ શબ્દ જ ઉત્પત્તિનો સૂચક છે માટે સૃષ્ટિનો સ્રષ્ટા એજ તેનું નિમિત્ત કારણ છે. હવે સૌથી પ્રબળ મતભેદનો વિષય જે ઉપાદાન કારણ છે તે પર વિચાર કરીએ.

આ જગતમાં બે પ્રકારના પદાર્થો જોવામાં આવે છે. જડ અને ચેતન એવા બે પદાર્થોનો શ્રી ગોતમ, કપિલ, કણાદ, પતંજલિ, જૈમિની અને વ્યાસ આદિ મહર્ષિઓએ સ્વીકાર કર્યો છે. દ્રશ્યમાન અને કેટલાક પરોક્ષ પદાર્થો જડ છે અને તેનું ઉપાદાન કારણ પણ જડ છે એમ પણ તેઓએ સ્વીકાર્યું છે. સંક્ષેપમાં કહીએ તો જડ એટલે સ્વઇચ્છાનો અભાવ અને ઇચ્છા રહિત ક્રિયા કરનાર પરંતુ ઉક્ત છ દર્શન વિષે સાંપ્રદાયિક આચાર્યોએ જગતના ઉપાદાન કારણમાં મોટો મતભેદ ઊભો કરી તેઓ સર્વે દર્શનશાસ્ત્રોના મૂળ સિદ્ધાંતોથી ઘણા દૂર જઇ પહોંચ્યા છે. શ્રી શંકરાચાર્યે પોતાના શારીરક ભાષ્યમાં સર્વ વ્યાપક નિરાકાર ચેતનસ્વરૂપ સૃષ્ટિકર્તા બ્રહ્મને જ જગતનું ઉપાદાન કારણ માનીને કેવલાદ્વૈત વાદ શરૂ કર્યો છે આ જગતને બનાવનાર પણ બ્રહ્મ અને જેનામાંથી આ જગત બન્યું છે તે પણ બ્રહ્મ છે એમ પ્રતિવાદન કરી બ્રહ્મને અભિન્ન નિમિત્તોપાદાન કારણ માન્યું છે, અને અન્ય સર્વ મતોનું પ્રબળ ખંડન કર્યું છે. રામાનુજાચાર્ય તે મંતવ્યથી જુદા પડીને જીવ અને પ્રકૃતિ એમ અન્ય બે પદાર્થોના અસ્તિત્વનો સ્વીકાર કરીને તેને ઈશ્વરના શરીર રૂપે ગણીને વિશિષ્ટાદ્વૈત વાદને પોતાના શ્રી ભાષ્યમાં પ્રતિપાદિત કરેલ છે; અને શ્રી શંકરાચાર્યના અદ્વૈત વાદનું યુક્તિ પ્રમાણો દ્વારા ખંડન કરેલ છે. શ્રી નિંબાર્કાચાર્યે ભેદાભેદ અર્થાત દ્વૈતાદ્વૈતના સિદ્ધાંતનું પોતાના વેદાંત પારિજાત સૌરભ નામના ભાષ્યમાં અચેતન પ્રધાન જગતનું કારણ છે એમ દ્વૈતવાદનો સ્વીકાર કરી અચેતન પ્રધાન એટલે પ્રકૃતિ બ્રહ્મની સાથે અભેદભાવે એક છે અને ભેદભાવે દ્વૈત એટલે બ્રહ્મથી ભિન્ન પણ છે એમ પ્રતિપાદન કર્યું છે. શ્રી માધવાચાર્ય પોતાના પૂર્ણ પ્રજ્ઞ ભાષ્યમાં બ્રહ્મથી અતિરિક્ત એટલે ભિન્ન જડ પદાર્થનો સ્વીકાર કરી ચોખ્ખો દ્વૈતવાદ સ્વીકાર્યો છે અને શ્રી. શંકરાચાર્યના અદ્વૈતવાદનું ખંડન કર્યું છે, પુષ્ટિ સંપ્રદાયના આચાર્યોએ પોતાના અણુ ભાષ્યમાં જીવ અને બ્રહ્મને અંશાશી ભાવથી એક છે અને માયાને જગતનું કારણ માની શુદ્ધાદ્વૈત નામનો સિદ્ધાંત પ્રતિપાદન કર્યો છે આવી રીતે જગતના ઉપાદાન કારણ વિષે શ્રી શંકરાચાર્યે સ્પષ્ટ અભિપ્રાય જ નહિ પરંતુ દૃઢ મંતવ્ય રજુ કર્યું છે; એ સિવાયના ભાષ્યકારોએ અને સંપ્રદાયોના આચાર્યોએ જગતના ઉપાદાન કારણ તરીકે અસ્પષ્ટ રીતે જડ પ્રધાન કારણ એટલે પ્રકૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા માયાનો સ્વીકાર કરીને તે માયાનો બ્રહ્મ સાથે વિશેષ પ્રકારે અભેદ અને ભેદ એમ બન્નેનો સ્વીકાર કરી પોતાના સિદ્ધાંતને પાંગળો બનાવી દીધો છે. જ્યારે શ્રી શંકરાચાર્યે વેદાંત દર્શન પરના પોતાના શારીરક ભાષ્યમાં તદ્દન સ્પષ્ટપણે બ્રહ્મને જ અભિન્ન નિમિત્તોપાદન કારણ સિદ્ધ કરી બ્રહ્મ સિવાય અન્ય કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ નથી અને જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ જ છે એમ યુક્તિ પ્રમાણ દ્વારા સિદ્ધ કર્યું છે અને તેમના શિષ્યોએ પણ પોતાનું મંતવ્ય સ્પષ્ટપણે રજુ કર્યું છે. માટે આપણે આ લેખમાં શ્રી શંકરાચાર્યે પ્રતિપાદિત બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ છે અને બ્રહ્મ સિવાય બીજું કાંઇ જ અસ્તિત્વમાં નથી; જે દેખાય છે, તે મિથ્યા છે એવા મંતવ્યની યુક્તિ પ્રમાણ દ્વારા સમાલોચના કરીશું.

શ્રી શંકરાચાર્યે પોતાના મંતવ્યની સિદ્ધિ માટે મહર્ષિ ગોતમ, કપિલ, કણાદ, પતંજલિ વિગેરે મહર્ષિઓની પણ નિંદા કરી છે અને તેમના સિદ્ધાંતો અને સૂત્રોના તાત્પર્યથી વિરુદ્ધ કલ્પના કરી તેમનું ખંડન કર્યું છે. શ્રી વ્યાસ ભગવાનના સૂત્રોના તાત્પર્ય વિરુદ્ધ પોતાનો જગત મિથ્યાવાદ અને બ્રહ્મ ઉપાદાન કારણવાદ ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે. તર્ક અને વેદાદિના પ્રમાણોની અવગણના કરી ઉપનિષદોના પ્રક્ષિપ્ત અને સંદિગ્ધ વિભાગનો આશ્રય લઈ તેને શ્રુતિ એવું ખોટું નામ આપી પોતાના મિથ્યાવાદ અને માયાવાદને પ્રતિપાદિત કર્યા છે. મહર્ષિ કણાદ મુનિએ પોતાના વૈશેષિક દર્શનમાં જડ પરમાણુઓને જગતના ઉપોદાનકારણ તરીકે સિદ્ધ કરેલ છે. મહર્ષિ ગોતમે ન્યાય દર્શનમાં તેને પુષ્ટિ આપેલ છે. શ્રી કપિલ મુનિએ સાંખ્ય દર્શનમાં તેને સત્વ, રજ અને તમની સામ્યાવસ્થા પ્રકૃતિ તરીકે વર્ણવી અચેતન પ્રધાનને જગતના ઉપાદાન કારણ તરીકે પ્રતિપાદિત કરેલ છે અને મહર્ષિ પતંજલિએ અને શ્રી વ્યાસ ભગવાને તે પ્રધાન કારણ સૃષ્ટિકર્તા ઇશ્વરને આધીન છે એમ જણાવી બ્રહ્મને આ જગતનું નિમિત્ત કારણ અને અચેતન પ્રધાન તત્ત્વ જેને પરમાણુ, પ્રકૃતિ, માયા કે જે કાંઈ કહો તેને જગતના ઉપાદાન કારણ તરીકે વિવિધ પ્રકારે વર્ણવેલ છે. તે બધા મહર્ષિઓએ યુક્તિ પ્રમાણથી પ્રતિપાદિત કરેલા સિદ્ધાંતોની અવગણના કરી નિરાકાર બ્રહ્મને જ જગતનું ઉપાદાન કારણ છે એવો અવૈદિક સિદ્ધાંત સિદ્ધ કરવા શ્રી શંકરાચાર્ય આદિએ પ્રયત્ન કર્યો છે.

વેદાંત દર્શનના પ્રથમ અધ્યાયના ચોથા પાદના પ્રકૃત્યધિકરણ સૂત્ર ૨૩માં સ્પષ્ટ લખ્યું છે કે પ્રકૃતિ આ જગતનું ઉપાદાન કારણ છે અને તે જાણવા યોગ્ય છે. સૂત્ર–પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞાદૃષ્ટાન્તાનુપરોધાત્ ૧–૪–૨૩ ॥ અર્થાત્ પ્રતિજ્ઞા અને દૃષ્ટાંત અનુસાર પ્રકૃતિ જગતનું ઉપાદાન કારણ છે. આ સૂત્રમાં પ્રકૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દ પડયો હોવા છતાં પ્રકૃતિ શબ્દનો અર્થ શ્રી શંકરાચાર્યે ભારી ભચડીને ખોટી રીતે બ્રહ્મ કર્યો છે. સૂત્રાનુસાર સ્પષ્ટ અર્થ છે કે પ્રકૃતિને જગતનું ઉપાદાન કારણ માનવામાં વેદના પ્રતિજ્ઞાને અને શાસ્ત્રીય દૃષ્ટાંતને વાંધો આવતો નથી અર્થાત્ વેદાનુકૂળ છે. વેદ પ્રતિપાદિત પ્રમાણ અને યુક્તિથી પ્રકૃતિને જગતનું ઉપાદાન કારણ માનવું જોઇએ એવું સ્પષ્ટ રીતે સૂત્રમાં પ્રતિપાદન કરેલું હોવા છતાં પ્રકૃતિ શબ્દનો અર્થ બ્રહ્મ કરીને તે ઉપર જન્માદ્યસ્ય યતઃ સૂત્રનું પ્રમાણ આપી યતો વા ઇમાનિ ભૂતાનિ જાયન્તે વાળા ઉપનિષદ્ વાકયથી પુષ્ટ કરી બ્રહ્મને જ ઉપાદાન કારણ સિદ્ધ કરવાની ચેષ્ટા કરી છે. પાંચમી વિભક્તિ ઉપાદાનમાં જ વપરાય અને અન્ય રીતે નહિ તેવું વ્યર્થ લાંબું લખી તે ઉપર તેમના શિષ્યોએ વ્યર્થ પાનાં ભર્યાં છે અને સ્વપક્ષ વિરોધી પ્રમાણોને પણ પોતાને અનુકૂળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે.

ઉત્તર - જન્માદ્યસ્ય યતઃ । અધ્યા. ૧-૧-૨ માં આ જગતની ઉત્પત્તિ પ્રલય વિગેરે જેનાથી થાય છે તે બ્રહ્મ છે તેમ કહેલ છે, અને તે સિદ્ધાંત વૈદિકોને પણ સ્વીકાર્ય છે કારણ કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયાદિનું બ્રહ્મ નિમિત્તકારણ છે. પ્રકૃતિ જડ અને અચેતન હોવાથી બુદ્ધિપૂર્વક જગતની રચના કરી શકે નહિ માટે બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ છે. યતો વા ઇમાનિ ભૂતાનિ-જાયન્તેનો અર્થ પણ તેમજ સમજવો જોઇએ કે પંચમહાભૂત ઇત્યાદિ પણ પ્રકૃતિમાંથી બ્રહ્મ જ સર્જે છે માટે બ્રહ્મ નિમિત્ત કારણ છે પરંતુ બ્રહ્મ ઉપાદાન કારણ છે, તેવો અર્થ કાઢવો એ શ્રુતિ, વિજ્ઞાન, પ્રમાણ અને યુક્તિથી વિરુદ્ધ છે, વળી પાંચમી વિભક્તિ ઉપાદાનમાં જ વપરાય છે અને અન્યત્ર નહિ તે પણ યોગ્ય નથી કારણ કે આદિત્યાજ્જાયતે વૃષ્ટિ: મનુ. ૩-૭૬ તસ્માદયજ્ઞાત્સર્વ હુતઃઋચઃસામાનિ જજ્ઞિરે યજુ. ૩૧-૭માં પાંચમી વિભક્તિનો ઉપયોગ નિમિત્ત કારણમાં થયેલો છે. માટે જનિ ધાતુના પ્રયોગમાં પાંચમી વિભક્તિનો ઉપયોગ થાય અને અન્યત્ર ન થાય તે માત્ર મનોરથ છે. આ ઉપરાંત યજુ. ૪૦-૮ માં સપર્યગાચ્છુક્રમ કાયમ વાળા મંત્રમાં પરમાત્માનું વર્ણન કરતાં સ્પષ્ટ લખ્યું છે કે બ્રહ્મ નિરાકાર સર્વવ્યાપક અકાયમ્ કોઇ દિવસ શરીર ધારણ કરતો નથી. છિદ્ર અને નાડી આદિના બંધનથી રહિત છે, શુદ્ધ છે. માટે અપરિણામી નિરાકાર ઇશ્વર પરિણામી સાકાર જગતનું ઉપાદાનકારણ હોઇ શકે નહિ. વળી ન તસ્ય કાર્યં કરણં ચ વિદ્યતે તેનું કોઇ કાર્ય નથી અને કરણ પણ નથી. જો તેનું કોઈ કાર્ય નથી તો કાર્યરૂપી જગતનું તે ઉપાદાનકારણ કેવી રીતે હોઇ શકે? શ્રી શંકરાચાર્યના સિદ્ધાંત મુજબ તો બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ પણ નથી તો ઉપાદાનકારણ તો કયાંથી જ હોય? માયાવાદી શ્રી શંકરાચાર્ય અને તેમના શિષ્યો એમ માને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે બ્રહ્મને માયા લાગ્યા પછી બ્રહ્મનું માયોપહિત ચેતન થયું તે ઈશ્વર છે; એટલે બ્રહ્મ માયા વડે જગત બનાવતો નથી પરંતુ માયોપહિત ચેતન ઈશ્વર જગત બનાવે છે બ્રહ્મ નહિ, બ્રહ્મ તો નિમિત્ત કારણ પણ નથી એ બધું તો ઈશ્વર છે. આમ બ્રહ્મ અને ઈશ્વર વચ્ચે ભેદ પાડે છે, તેથી જગતની ઉત્પત્તિ વિગેરે પૂર્વે બ્રહ્મને અથવા તેના કોઇ અંશને ઈશ્વર બનવું પડે છે, તેથી વેદાંત દર્શનનાં પ્રથમના જ બે સૂત્રો અથાતો બ્રહ્મજિજ્ઞાસા અને જન્માદ્યસ્ય યતઃ શ્રી શંકરાચાર્યના જ સિદ્ધાંત વિરુદ્ધ જાય છે. શ્રી શંકરાચાર્યની જન્માદ્યસ્ય યતઃ જે પહેલા સૂત્રની સાથે સંગતિ રાખે છે. તેની વ્યાખ્યા વ્યર્થ થઇ જાય છે એટલું જ નહિ પરંતુ બ્રહ્મ નહિ પણ ઈશ્વર જ માયા વડે જગત્ રચે છે તે સિદ્ધાંતનું પોતાની મેળે જ ખંડન થઇ જાય છે. આ રીતે શ્રી શંકરાચાર્ય અને તેમના શિષ્યો નિગ્રહ સ્થાનમાં ગ્રસિત થઇ પરાજયને પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત શ્રી શંકરાચાર્ય અને તેમના શિષ્યોના માયાવાદ અને મિથ્યાવાદ મુજબ આ દૃશ્યમાન જગત જેવું કાંઇ બન્યું જ નથી. જે કાંઈ દેખાય છે તે મિથ્યા છે. અવિદ્યાને લીધે આ જગત છે કે કાર્યકારણ છે, એમ આભાસ પ્રતીત થાય છે. વાસ્તવમાં ન તો જગત બન્યું છે કે ન જે કાંઇ દેખાય છે તે ખરું છે. જો એમ જ હોય તો જન્માદ્યસ્ય યતઃ અને યતો વા ઇમાનિ ભૂતાનિ જાયન્તે અને શાસ્ત્રયોનિત્વાત્ બધું ખોટું છે, મિથ્યા છે અને તે પરનાં માયાવાદીઓનાં ભાષ્યો પણ મિથ્યા છે. જ્યારે આ સૃષ્ટિ જેવું જ કાંઈ નથી તો તેની ઉત્પત્તિ વિગેરેનું વેદોમાં, શાસ્ત્રોમાં વર્ણન છે તે પણ મિથ્યા છે. નવીન વેદાંતીઓના આવા પ્રકારનો માયાવાદ અને મિથ્યાવાદ અને તેમના ભાષ્યો અવૈદિક સિદ્ધ થાય છે કારણ કે માયાવાદીઓ માને છે કે:—

ન વર્ણા ન વર્ણાશ્રમાચારધર્મા ન મે ધારણાધ્યાનયોગાદયોઽપિ । અનાત્માયો હં મમાધ્યાસહાનાત્ તદેકોઽવિશિષ્ટઃશિવઃકેવલોઽહમ્ ॥ ન માતા પિતા વા ન દેવા ન લોકા, ન વેદા ન યજ્ઞા ન તીર્થં ન્નુવન્તિ । સુષુપ્તૌ નિરસ્તાતિશૂન્યાત્મકત્વાત્ તદેવકોઽવિશિષ્ટઃ શિવઃ કેવલોઽહમ્ ॥ આવો માયાવાદીઓનો સિદ્ધાંત છે. શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રન્થકોટિભિઃ બ્રહ્મ સત્યં જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપરઃ પણ તેમનો સિદ્ધાંત છે.

અર્થ— વર્ણ નથી, આશ્રમ નથી, વર્ણાશ્રમોના આચારરૂપ ધર્મો નથી તેમજ ધારણાધ્યાન યોગાદિક પણ નથી; અનાત્મારૂપ જે અહંકારિક છે તેના આશ્રિત આ હું અને મારું અધ્યાસ છે. એ અધ્યાસ મટી જવાથી હું કેવલ શિવ છું અર્થાત મારામાં અજ્ઞાનથી જ વર્ણાશ્રમોના ધર્મ છે. બાકી વાસ્તવમાં નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ પ્રમાણે માતા, પિતા, દેવ, લોક, વેદ, તીર્થ એ પણ સર્વ મિથ્યા છે. કેવળ વિજ્ઞાન જ સત્ય છે બાકી બધું ભ્રમ છે આવી રીતે વેદ પ્રતિપાદિત ધર્મ સંસ્કૃતિ અને વેદને પણ શ્રી. શંકરાચાર્યે બ્ર. સૂ. ૧-૧-૧ ની ભૂમિકામાં બધું જ મિથ્યા માન્યું છે. વિજ્ઞાન જ એક તત્ત્વ છે એટલું જ તેઓ માને છે. એટલે શૂન્યવાદી માધ્યમિક બૌદ્ધ સર્વ શૂન્ય જ શૂન્ય છે એમ માનનારાઓ સાથે મળતા થાય છે. અદ્વૈતનો કોઈ જ્ઞાતા નથી સ્વયં પણ પોતે પોતાનો જ્ઞાતા નથી કિંતુ જ્ઞાન માત્ર છે. પ્રશ્ન એ થાય છે કે તે જ્ઞાનને ખબર છે કે હું છું તેનો ઉત્તર માયાવાદીઓ પાસે નથી. આવી અવૈદિક માન્યતાઓને ઊભી કરી વેદશાસ્ત્રાદિમાં બતાવેલ ધર્મનું ખંડન કરી સ્વકલ્પિત મિથ્યાવાદ અને માયાવાદ ઊભો કરી બૌદ્ધોનું જ અનુકરણ કરેલ છે.

માયાવાદીઓ બ્રહ્મને ઉપાદાન કારણ માનવામાં કરોળીઆનું દૃષ્ટાંત આપે છે કે જેમ કરોળીઓ પોતાનામાંથી જ તંતુઓ કાઢી પોતાનું રહેવાનું જાળું બનાવે છે અને બહારના કોઈ પદાર્થને લેતો નથી તેમ બ્રહ્મ પોતાનાથી જ આ જગત બનાવે છે માટે બ્રહ્મ જ આ જગતનું ઉપાદાન કારણ છે અન્ય નહિ. વાંચકો સમજી શકશે કે ઉપરનું દૃષ્ટાંત જ સ્વામી શંકરાચાર્યના સિદ્ધાંત વિરુદ્ધ જાય છે. કરોળીઆમાં બે વસ્તુ સમાયલી છે; એક કરોળીઆમાં રહેલો ચેતન જીવ અને બીજું કરોળીઆનું જડ શરીર. આ બંને વસ્તુના સહયોગથી કરોળીઆનું જાળું બને છે, અહીંયાં કરોળીઆનો જીવ જે ચેતન છે તે નિમિત્ત કારણ એટલે કર્તા અને જે તંતુઓથી જાળું બને છે તે કરોળીઆના જડ શરીરમાંથી લેવામાં આવે છે. કાંઈ ચેતન નિરાકાર જીવમાંથી તંતુઓ નીકળતા નથી; પરંતુ જડ શરીરમાંથી જ તંતુ નીકળી જાળું બને છે. તેવી જ રીતે આ જગતમાં વ્યાપી રહેલો બ્રહ્મ પોતાના પ્રયત્નથી જેમાં વ્યાપી રહેલ છે તે પ્રકૃતિ પરમાણુ વિગેરેમાંથી આ સૃષ્ટિનું સર્જન કરે છે. એ વૈદિક સિદ્ધાંત જ સિદ્ધ થાય છે એટલે જેમ કરોળીઓ નિમિત્ત કારણ છે, અને તેનું જડ શરીર ઉપાદાન કારણ છે તેમ બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ છે અને પ્રકૃતિ અથવા પરમાણુઓ જગતનું ઉપાદાન કારણ છે. જેમ કરોળીઆનો જીવ પોતાના જાળાનું ઉપાદાન કારણ નથી તેમ બ્રહ્મ કે ઈશ્વર જગતનું ઉપાદાન કારણ નથી. એ સિદ્ધાંત શ્રી કપિલ, કણાદ, ગોતમ આદિ છ મહર્ષિઓએ સ્વીકારેલ છે. પરંતુ શ્રી. શંકરાચાર્ય અને અન્ય આધુનિક સાંપ્રદાયિક આચાર્યોએ અવૈદિક માન્યતાઓને જનતામાં ફેલાવીને વેદાદિ શાસ્ત્રો, મહર્ષિઓ અને અન્ય વૈદિક સાહિત્યનો દ્રોહ કરી સનાતન વૈદિક ધર્મના નામે અદ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ, શુદ્ધાદ્વૈતવાદ, અદ્વૈતાદ્વૈત વિગેરે વાદો ફેલાવી આર્ય ધર્મને છિન્નભિન્ન કરી નાખ્યો છે. તેવી જ રીતે પૃથ્વીમાંથી ઔષધીઓ અને મનુષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરમાંથી નખકેશાદિનું પણ સમજવું જોઇએ. ધન્ય છે મહર્ષિ દયાનંદને કે જેમણે હજારો વર્ષથી સાંપ્રદાયિક આચાર્યો દ્વારા ફેલાવેલ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી પુનઃ વૈદિક ધર્મ અને ઋષિ મહર્ષિ પ્રણીત ગ્રંથોના સત્ય અર્થને સૂર્યની માફક પૂર્ણપણે પ્રકાશિત કરી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા પ્રબળ પ્રયત્ન કરી મનુષ્યો પર મહદ્ ઉપકાર કર્યો છે. આવી રીતે બ્રહ્મ સૂત્રના પ્રથમ અધ્યાયના ચતુર્થપાદના સૂત્રો ૨૨ થી ૨૮ સુધીના સત્ય અર્થને રજુ કરી આધુનિક સંપ્રદાયના આચાર્યોના અવૈદિક ભાષ્યોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

હવે પછી બ્રહ્મ સૂત્રના બીજા અધ્યાયમાં જ્યાં જ્યાં મહર્ષિ કણાદ, કપિલ, ગોતમ આદિનું ખંડન શ્રી શંકરાચાર્યે અને અન્ય સાંપ્રદાયિકોએ કર્યું છે તેનો પરિહાર કરવામાં આવે છે.

શ્રી શંકરાચાર્ય તરફથી વેદાંત દર્શનના ૨ જા અધ્યાયના સૂત્ર ૧ થી માંડીને ૧૩ સૂત્રો સુધી ચેતન બ્રહ્મને જગતના નિમિત્ત અને ઉપાદાન કારણ તરીકે સિધ્ધ કરવા જતાં ગોતમ, કણાદ, કપિલ, મનુ, વ્યાસ અને વસિષ્ઠ આદિ મહર્ષિઓના સિધ્ધાંતોનું ખંડન કરવામાં આવ્યું છે અને એવો હેતુ જણાવ્યો છે કે પ્રકૃતિ જગતનું ઉપાદાન કારણ છે અને બ્રહ્મ નિમિત્ત કારણ છે તે મહર્ષિઓએ માત્ર તર્કથી જ સિધ્ધ કર્યું છે અને તે તર્કને વેદના પ્રમાણનો ટેકો નથી તેથી અમાન્ય છે. ખરી રીતે જોતાં મહર્ષિ, ગોતમ, પતંજલિ, કણાદ, કપિલ, વ્યાસ, મનુ અને વસિષ્ઠ આદિના સિધ્ધાંતો અને તર્કોને જ વેદનો ટેકો છે, પરંતુ શ્રી શંકરાચાર્યના સિધ્ધાંતોને વેદનો ટેકો નથી. કેટલાક ઉપનિષદોના મંત્રોને વેદ માની મનાવી તેના આધારને વેદનો આધાર છે એમ જણાવી વિદ્વદ્ જગતની આંખમાં ધુળ નાખવાનો નવીન વેદાંતીઓએ અનિચ્છનીય પ્રયત્ન કર્યો છે. પ્રકૃતિ જગતનું ઉપાદાન કારણ છે અને જીવ પણ બ્રહ્મથી તદ્દન જુદો અનાદિ પદાર્થ છે. ઈશ્વર અથવા બ્રહ્મ, જીવ અને જગતનું પ્રધાન કારણ પ્રકૃતિ એ ત્રણ પદાર્થ અનાદિ અનંત છે. પ્રકૃતિ અથવા પરમાણુમાંથી બ્રહ્મ જગતને રચે છે. જીવ પ્રાકૃતિક પદાર્થોનો પોતાના કર્માનુસાર ભોકતા છે એ બતાવનારા વેદના અનેક પ્રમાણોમાંથી નીચે થોડા જ પ્રમાણો રજુ કરવામાં આવે છે.

(૧) द्वासुपर्णासयुजासखाया समानं वृक्षं परिषस्वजाते
तयोरन्यः पिप्पलं स्वाद्वत्यनश्नन्योऽभिचाकशीति.

ઋ. મં. ૧, સૂ. ૧૬૪, મં. ૨૦

ચેતન તથા પાલન કરવાના ગુણોમાં સરખા, વ્યાપ્યવાપક સંબંધથી સંયુક્ત બ્રહ્મ અને જીવ પરસ્પર હંમેશાં મિત્રતાવાળા છે. ત્રીજું અનાદિ મૂળ કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકૃતિ છે તેના વૃક્ષ એટલે કાર્યરૂપ ફેલાયલા જગતમાં એક પોતાના કર્મો મુજબ ફળને ભોગવે છે તે જીવ છે અને બીજો પરમાત્મા ચારે તરફ અંદર-બહાર રહી ફળ ભોગવતો નથી, પરંતુ સાક્ષી રૂપે બધું જુએ છે અને જાણે છે. આ મંત્રમાં બ્રહ્મ, જીવ અને પ્રકૃતિ ત્રણ અનાદિ પદાર્થ જણાવેલ છે અને પ્રકૃતિને જગતનું ઉપાદાન કારણ સ્પષ્ટપણે બતાવેલ છે.

(૨) व्यदधात् शाश्वतीभ्यः समाभ्यः યજુ. ૪૦ મં. ૮

ઉપલા મંત્રમાં નિરાકાર નિરવયવ નસ નાડીના બંધન રહિત પરમાત્મા પોતાની સનાતન પ્રજાને વેદ દ્વારા બોધ આપે છે. આ મંત્રમાં જીવને અને જગતને સનાતન એટલે અનાદિ અનંત કહેલ છે અને પરમાત્મા આ પ્રજાને વેદનું જ્ઞાન આપે છે એવી રીતે ઈશ્વર કરતાં ભિન્ન જીવ અને સૃષ્ટિ અને પ્રલયના અનાદિ પ્રવાહનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૩) असच्च सच्च परमे व्योमन् दक्षस्य जन्मन्नदितेरुपस्थे
अग्निर्ह नः प्रथमजा ऋतस्य पूर्व आयुनि वृषभश्चधेनुः

ઋગ્વેદ ૧૦-૫-૭.

આ મંત્રમાં (અગ્નિ) પરમાત્મા ઋતના કર્તા, જીવાત્મા અને પ્રકૃતિ ત્રણેયને અનાદિ માનેલ છે અને ધેનુની ઉપમા આપીને પ્રકૃતિમાંથી ભોગના સમસ્ત પદાર્થોની ઉત્પત્તિ માનેલી છે.

(૪) त्रयः केशिनः ऋतुथा वि चक्षते, संवत्सरे वपत एक एषाम्।
विश्वमेको अभि चष्टे शचीभीर्ध्राजिरेकस्य ददृशे न रुपम्।

ઋગ્વેદ ૧-૧૬૪-૪૪

આ મંત્રમાં ઋત અને સત્યના શાશ્વત કાયદાના નિયામક અને સૃષ્ટિ કર્તા ઈશ્વર અને બીજો પદાર્થ આત્મા જે સૃષ્ટાની અદ્‌ભુત શક્તિનો જ્ઞાતા અને ત્રીજો પદાર્થ પ્રકૃતિ જે કારણ અવસ્થામાં અવ્યક્ત છે પરંતુ કાર્ય રૂપમાં જેને જોઈ શકાય છે એવી રીતે ત્રણ અનાદિ અનંત પદાર્થોનું વર્ણન છે.

(૫) बालादेकमणीयस्कमुतैकं नैव दृश्यते।
ततः परिष्वजीयसी देवता सा मम प्रिया॥

અથર્વ. ૧૦-૮-૨૫.

વાળના અગ્ર ભાગથી પણ અતિ સૂક્ષ્મ એવો જીવાત્મા એક અને કારણરૂપ અવ્યક્ત સૂક્ષ્મ પ્રકૃતિ બીજો પદાર્થ છે પરંતુ તે બન્નેથી પણ સૂક્ષ્મતમ સર્વવ્યાપક પરમાત્મા જ મને સૌથી વધારે પ્રિય છે, એવું વર્ણન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મંત્રમાં ઈશ્વર, જીવ અને અનાદિ અવ્યકત પ્રકૃતિના અનાદિ અનંતપણાને સ્વીકાર કરેલ છે.

(૬) पुण्डरीकं नवद्वारं त्रिर्गुभिर्गुणेभिरावृतम् ।
तस्मिन् यद् यक्षमात्मन्वत् तद् वै ब्रह्मविदो विदुः ॥

અથર્વ. ૧૦-૮-૪૩.

આ મંત્રમાં સ્પષ્ટ બતાવ્યું છે કે સર્વજ્ઞ બ્રહ્મ ત્રિગુણાત્મક પ્રકૃતિના કાર્ય રૂપ નવદ્વારવાળા શરીરમાં બેઠેલા અનાદિજીવનાં કર્મોને પણ બ્રહ્મ જાણે છે.

(૭) अजारे पिशंगिला श्वावित्कुरुपिशङ्गिला ।
शशऽआस्कन्दमर्षत्यहिः पन्थां वि सर्पति ।

યજુ. ૨૩-૫૬

હે વિદ્વાનો અનાદિ અવ્યકત કારણ રૂપ પ્રકૃતિ જેમાંથી સૃષ્ટિના આરંભમાં અનેક રૂપાદિવાળા દૃશ્યમાન પદાર્થો ઉત્પન્ન થયા છે તે પ્રલયકાળે પોતાના કાર્યને સંકેલીને પાછા પોતાનામાં સમાવી દીએ છે તે કારણ રૂપ પ્રકૃતિના કાર્યોમાં અને બંધનમાં જ્ઞાની લોકો ફસાતા નથી અને અવિદ્યા યુકત મનુષ્યો તેમાં મોહ પામી ફસાય છે અને બંધનમાં પડ્યા રહે છે.

ઉપરના મંત્રોમાં પ્રકૃતિ અર્થાત્ પરમાણુઓને જગતનું ઉપાદાન કારણ સ્પષ્ટ રૂપે બતાવ્યું છે.

(૮) अन्धंतमः प्रविशन्ति ये असंभूतिमुपासते ।
ततो भूय इव ते तमो य उ संभूत्यां रताः ॥

યજુ. ૪૦-૯.

યજુર્વેદના ઉપર જણાવેલાં મંત્રમાં અસંભૂતિ એટલે અનાદિ કારણ રૂપ પ્રકૃતિની જે ઉપાસના કરે છે તે અજ્ઞાન રૂપી અંધકારમાં જાય છે અને કારણ રૂપ પ્રકૃતિના કાર્યોમાં એટલે ઉપાદાનના કાર્યોમાં જે રચ્યોપચ્યો રહે છે તે વિશેષ અંધકારમાં જાય છે એમ સ્પષ્ટ ઉલ્લેખ છે.

ઉપર જણાવેલા વેદની સંહિતાઓના પ્રમાણોમાં પ્રકૃતિ અથવા પરમાણુ જગતનું ઉપાદાન કારણ છે એમ જણાવેલું છે એટલે મહર્ષિ કપિલ, કણાદ, ગોતમ, પતંજલિ, વ્યાસ, મનુ, વસિષ્ઠ આદિ પ્રતિપાદિત સિદ્ધાંત કે બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ પણ નથી તે સિદ્ધ થાય છે, અને બ્રહ્મ જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ પણ નથી તે સિદ્ધ થાય છે, માટે શ્રી શંકરાચાર્ય અને અન્ય સાંપ્રદાયિક આચાર્યોના ભાષ્યોમાં બતાવેલા તર્ક અને પ્રમાણો વેદ વિરુદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી ત્યાજ્ય છે, અને વેદાંત દર્શનના ૨ જા અધ્યાયના ૨ જા પાદના સૂત્ર ૧૧ માં બતાવેલ तर्काप्रतिष्ठानाद् વાળા સૂત્રના ભાષ્યમાં તેમણે ઊભા કરેલા નિગ્રહ સ્થાનમાં તેઓ પોતે જ ફસી પડ્યા છે અને પરાજીત થયેલા પડ્યા છે. હવે વેદ ઉપરાંત બીજા થોડાં પ્રમાણો આપવામાં આવે છે, જે વેદાનુકૂળ તર્કાનુસાર હોવાથી ગ્રાહ્ય છે.

(૯) अजामेकां लोहित शुक्लकृष्णां वह्वीः प्रजाः सृजमानां सरूपाः
अजोह्येको जुषमाणोनुशेते जहात्येनां भुक्तभोगामजोन्यः

श्वेताश्वेतर उपनिद

સત્વ, રજ અને તમ પ્રકૃતિ જેમાંથી જગત બનાવાય છે. તેનું અને બીજા અનાદિ ભોકતા જીવનું અને ત્રીજા અનાદિ બ્રહ્મનું સ્પષ્ટ વર્ણન છે; પ્રકૃતિ અર્થાત પરમાણુને જગતનું ઉપાદાન કારણ માનેલું છે.

(૧૦) यत्तत्कारणमव्यक्तं नित्यं सदसदात्मकम् ।
तद्विसृष्टः सः पुरुषो लोके ब्रह्मेति कीर्त्यते ॥

મનુ ૧–૧૧

મનુસ્મૃતિના ઉપર જણાવેલા શ્લોકમાં અવ્યકત નિત્ય પ્રકૃતિને ઉપાદાન કારણ અને બ્રહ્મને નિમિત્ત કારણ સ્પષ્ટ રીતે માનવામાં આવ્યું છે.

(૧૧) परस्तस्मा-तु भावोऽन्योऽव्यक्तोऽव्याक्तात् सनातनः ।
यः सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥

ભગવદ્ ગીતા ૮–૨૦

સર્વ ચરાચરનો નાશ થયા છતાં પણ જે નાશ પામતો નથી તે અવ્યકતથી પર ઇંદ્રિયોથી અગોચર તથા અવિનાશી એવું બીજું અનાદિ તત્ત્વ છે. આ શ્લોકમાં અવ્યકત અનાદિ પ્રકૃતિથી ભિન્ન અનાદિ ઈશ્વરને માની પ્રકૃતિને જગતનું ઉપાદાન કારણ માન્યું છે.

(૧૨) प्रकृति पुरुषं चैव विद्धयनादिवुभावपि
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसंभवान्

ભગવદ્ ગીતા ૧૩-૨૦

આ શ્લોકમાં જગતનું ઉપાદાન પ્રકૃતિ છે અને પ્રકૃતિ પુરૂષ બન્નેને અનાદિ અનંત માનેલ છે.

વેદાંત દર્શનના બીજા અધ્યાયના પહેલા પાદના સૂત્ર ૧૩ થી સૂત્ર ૩૭ સુધીમાં ભોગ્ય અને ભોકતા, જીવ બ્રહ્મની એકતા અને વિર્વતવાદ વિષે મૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂત્રોના અર્થ વિરુદ્ધ, પોતાના મંતવ્યો અવૈદિક હોવા છતાં તેને વૈદિક સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. શ્રી શંકરાચાર્ય આદિ સાંપ્રદાયિકોએ જ્યાં જ્યાં પોતાની પોલ ખુલી જવાનો પ્રસંગ જોયો છે ત્યાં ત્યાં ઉપાધિ, માયા, આભાસ, અધ્યાસ, અને વિવર્તવાદનો આશ્રય લઇ પોતાનો પાંગળો બચાવ કર્યો છે પરંતુ સમજુ વાચક વર્ગ માયાવાદીઓની જાળને સ્પષ્ટ ઓળખી શકશે કે જગત-મિથ્યાવાદ ઊભો કરીને પોતે પોતાના પક્ષને જ મિથ્યા સિદ્ધ કર્યો છે.

જગતમાં આ આચાર્યોએ મોટું અજ્ઞાન એ ફેલાવ્યું છે કે જીવ પોતાના કર્મનાં ફળોને ભોગવે છે તે સત્ય સિદ્ધાંત છે તેને બદલે ઇશ્વર જ જીવ થઇને કર્મફળ ભોગવે છે અને ભોગ્ય એટલે પ્રકૃતિના વિકારમય પદાર્થો તે પણ બ્રહ્મ છે, ભોગવનાર પણ બ્રહ્મ છે અને ભોગવાવનાર પણ બ્રહ્મ છે, એવું એકાંકી નાટક તેમણે શરૂ કરેલ છે તેની સમીક્ષા નીચે મુજબ છે.

કોણ ભોગતા અને શું ભોગ્ય ?

અમોએ ઉપર વેદમંત્રોના પ્રમાણો આપ્યાં છે તેમાં લગભગ બધા મંત્રોમાં દ્વાસુપર્ણાથી માંડીને ૮ વેદના મંત્રો અને ચાર અન્ય પ્રામાણિક ગ્રંથોનાં પ્રમાણોથી બ્રહ્મથી જીવ ભિન્ન છે અને બ્રહ્મ, જીવ અને પ્રકૃતિ અથવા પરમાણુઓથી ભિન્ન છે એ સિદ્ધ કર્યું છે એટલે શ્રી શંકરાચાર્યના ઉપર જણાવેલાં વેદાંત સૂત્રો પરના ભાષ્યો અવૈદિક છે એ સિદ્ધ થાય છે. આ ઉપરાંત યોગદર્શનમાં ઇશ્વરની વ્યાખ્યા સ્પષ્ટ કરી છે કે:—

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः ।

યો. દ. સ. પા. સૂ. ૨૪

અવિદ્યાદિ પાંચ કલેશ. શુભાશુભ કર્મ, તેનું ફળ તથા તેની વાસનાથી રહિત પુરુષ વિશેષને ઇશ્વર કહે છે. મુક્તપુરુષો ઇશ્વર કે બ્રહ્મ થઇ શકે નહિ કારણ કે ઇશ્વર સદા મુક્ત છે, તે નિત્ય બંધનરહિત છે; અને તેનું ઐશ્વર્ય પણ નિત્ય છે, તે સર્વજ્ઞ અને સર્વવ્યાયક છે. મહર્ષિ પતંજલિ મુનિએ ઉપર જણાવેલા સૂત્રમાં સ્પષ્ટ જણાવ્યું છે કે ઇશ્વર અવિદ્યાદિ કલેશોથી મુક્ત છે જ્યારે શ્રી. શંકરાચાર્યજી પોતાના વેદાંત દર્શન, ઉપનિષદો અને ગીતાનાં ભાષ્યોમાં ઇશ્વરને અવિદ્યા લાગવાથી જીવ થઇ જાય છે તેમ જણાવેલ છે, અને બ્રહ્મને માયા લાગવાથી બ્રહ્મ ઇશ્વર થઇ જાય છે. એવી રીતે બ્રહ્મ, ઇશ્વર અને જીવની એકતા સિદ્ધ કરેલ છે. આ કલ્પિત અને અસત્ય એકતાની ઇમારત એક સાથે જમીનદોસ્ત થઈ જાય છે, અને તેને પરિણામે ભોક્તા અને ભોગ્ય એક જ છે તે સિદ્ધાંત પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપોઆપ અસત્ય સિદ્ધ થઇ જાય છે. શ્રી શંકરાચાર્યની બ્રહ્મ, જીવ અને જગતની એકતા, અભેદપણા અને અદ્વૈતવાદ પર નીચે જણાવેલા પ્રશ્નો પેદા થાય છે. તેના જવાબ આજ સુધી કોઈ અદ્વૈતવાદી સાંપ્રદાયિક નવીન વેદાંતી કે આચાર્ય આપી શકયા નથી અને ભવિષ્યમાં કોઈ આપી શકે તેમ નથી.

પ્રશ્નો

(૧) બ્રહ્મ શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવ, નિરાકાર, સર્વવ્યાપક, સૂક્ષ્મતમ, સર્વજ્ઞ, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર, નસનાડીઓનાં બંધનથી રહિત, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર રહિત અખંડ, એકરસ, સ્વયંભૂ છે. તેને માયા કેવી રીતે લાગી કે જેથી ઈશ્વર થયો? માયા લાગવાનું શું કારણ અને શું પ્રયોજન છે?

(૨) તે બ્રહ્મનો કોઈ અંશ કે ભાગ માયોપહિત ચેતન ઇશ્વર થયો કે, આખો બ્રહ્મ ઈશ્વર થઇ ગયો કે, વારા ફરતી તેના અંશો કે ભાગોને માયા લાગવાથી ઇશ્વરો થયા? માયા લાગવાથી એક ઇશ્વર થયો કે ઘણા ઈશ્વરો થયા?

(૩) બ્રહ્મને માયા લાગી તેમાંથી બ્રહ્મનો કોઈ ભાગ ઈશ્વર થવામાંથી બચ્યો છે કે સમગ્ર બ્રહ્મ ઇશ્વર થયો છે? જો આખા બ્રહ્મને માયા લાગી હોય, તો અત્યારે બ્રહ્મનો અભાવ હોવો જોઇએ અને ઈશ્વરનું અસ્તિત્વ હોવું જોઇએ અને જો બ્રહ્મના અમુક ભાગને જ માયા લાગી ઈશ્વર થયો હોય તો બ્રહ્મના ભાગો થઈ ગયા કહેવાય. જેમ તમારા માનવા મુજબ ઘટાકાશ અને મઠાકાશ એ ઉપાધિથી અન્ય આકાશથી ભિન્ન છે અને જુદાં થઈ ગયાં છે અને ઘટને અને મઠને તુટવાની વાટ જોઇને બેઠાં છે કે કયારે ઘટ મઠ તુટે અને કયારે આપણે ભેગાં થઇએ તેવી રીતે તે બ્રહ્મ અને ઈશ્વર અને અવિદ્યાવાળો જીવ ત્રણે ય અત્યારે રાહ જોઇને બેઠાં છે? કે કયારે અવિદ્યા અને માયામાંથી છુટીએ ને બ્રહ્મ થઈ જઇએ? બ્રહ્મ પણ વાટ જોઇને બેઠો છે કે કયારે માયા અને અવિદ્યા નષ્ટ થાય કે મારામાંથી જુદા થયેલા ઈશ્વર અને જીવ પાછા મારામાં ભળી જાય. આવી રીતે બ્રહ્મ, ઈશ્વર અને જીવ ચિંતામાં પડયાં છે તેમને કોઈ ઓથું આપીને છોડાવશે? કોણ છોડાવશે? કયારે છોડાવશે અને કયાં સુધી આ મહાન તત્ત્વો દુઃખી રહી ચિંતામાંથી મુકત થશે? તેનો કયાંય અંત દેખાતો નથી કારણ કે એક સૃષ્ટિ અને પ્રલય પછી બીજાં સૃષ્ટિ અને પ્રલય અનાદિકાળથી ચાલ્યા આવે છે, અને અનંત કાળ સુધી ચાલ્યા કરશે કારણ ઋગ્વેદમાં લખ્યું છે સૂર્યાચન્દ્રમસૌ ધાતા યથાપૂર્વમકલ્પયત્ સૂર્ય ચંદ્ર વિગેરે સૃષ્ટિ યથા પૂર્વ બનતી અને બગડતી રહે છે. એટલે નવીન વેદાંતીઓનો બ્રહ્મ, ઈશ્વર અને જીવ માયા અને અવિદ્યાથી મુકત થઈ શકશે નહિ. આવો માયાવાદ અને મિથ્યાવાદ નવીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદાંતીઓએ ઠોકાડી બેસાડયો છે. વેદ અને અન્ય વેદાનુકૂળ તમામ શાસ્ત્ર વિરુદ્ધ છે. પરમ ઉપકારક મહર્ષિ કપિલ, કણાદ, વ્યાસ, ગોતમ, મનુ વિગેરેનો દ્રોહ કરવાનું પાપ સાંપ્રદાયિક આચાર્યોંને માથેથી ઉતરવાનું નથી અને આ પ્રશ્નોના જવાબ તેઓ આપી શકવાના નથી.

(૪) જો બ્રહ્મને માયા અને ઇશ્વરને અવિદ્યાની ઉપાધિ કોઈ સમય વિશેષમાં લાગી નથી પરંતુ અનાદિ કાળથી લાગેલી છે એમ કહો તો, પ્રશ્ન એ ઊભો થશે કે અનાદિ કાળથી માયા કે અવિદ્યા લાગેલી હશે તો, અનંતકાળ સુધી તે લાગેલી જ રહેશે અને બ્રહ્મ-ઇશ્વર માયાથી છુટવાનો નથી અને ઇશ્વર જીવ અવિદ્યાથી છુટવાનો નથી, અને કદી તેને જ્ઞાન થવાનું નથી, અને મોક્ષ પણ થશે નહિ કારણ કે કોઈ પણ પદાર્થ અનાદિ સાંત હોઈ શકે નહિ અને સાંત અનાદિ હોય શકે નહિ. નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ સત્-માંથી અસત્ થઈ શકે નહિ અને અસતમાંથી સત્ થઇ શકે નહિ. એક કિનારાવાળી નદી કોઇએ જોઈ નથી તેમજ એક છેડાવાળી દોરડી કોઇએ જોઈ નથી માટે અનાદિ સાંતની માન્યતા અસત્ય છે.

(૫) બ્રહ્મ અથવા ઇશ્વરનો કોઈ ભાગ ઘટાકાશ કે મઠાકાશની માફક માયોપહિત ચેતન અને અવિદ્યોપહિત ચેતન થયેલ હોય તો તેમનું તેમ થવું સ્વાભાવિક છે કે નૈમિતિક છે? જો સ્વાભાવિક હોય તો જીવ કાયમને માટે જીવ જ રહેવાનો છે અને ઇશ્વર કાયમને માટે ઇશ્વર જ રહેવાનો છે અને બ્રહ્મ કાયમને માટે બ્રહ્મ રહેવાનો છે. કારણ કે સ્વભાવ એનું નામ કે જે વસ્તુની સાથે જ રહે. તેથી જગતનો અભાવ માનવો પડશે. જો બ્રહ્મ, ઇશ્વર અને જીવને માયા અને અવિદ્યા કોઈ નિમિત્તથી લાગી હોય તો તે નિમિત્ત કયારે થયું, શા માટે થયું અને ફરીવાર પણ તેવા નિમિત્તથી પાછો બ્રહ્મ, ઇશ્વર અને **જીવ બની** સંસારમાં આવશે અને જન્મમરણ લેશે એટલે મોક્ષમાંથી પુનરાવૃત્તિ સિદ્ધ થશે અને સાંપ્રદાયિક આચાર્યોના કાયમનો મોક્ષ માનવાના સિદ્ધાંતનું ખંડન થશે. આવી રીતે વેદાદિ શાસ્ત્રમાં વર્ણિત બ્રહ્મ, જીવ અને ઇશ્વર નહિ રહે પરંતુ સાંપ્રદાયિક ભાષ્યકારોનાં ભાષ્યોમાં વર્ણવેલા મિથ્યા બ્રહ્મ, ઇશ્વર અને જીવ રહી જશે.

(૬) જો બ્રહ્મ જીવ અને ઇશ્વરને માયા અને અવિદ્યા યુક્ત થવાનું વિવર્તથી માનો તો તે પણ સંભવી શકતું નથી કારણ કે વિવર્ત એનું નામ છે કે કોઇપણ વસ્તુ પોતાના મૂળ સ્વરૂપમાં દેખાવાને બદલે પોતાના સ્વરૂપથી ભિન્ન અન્ય રૂપે દેખાય તો એ તમારો વિવર્તવાદ, અભેદવાદ, અદ્વૈતવાદ, માયાવાદ અને મિથ્યાવાદમાં સિદ્ધ થઈ શકતો નથી. જેવી રીતે પાણીમાં એક લાકડાની સોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તે બહાર ઊભેલા પુરુષને વાંકી લાગે છે, પરંતુ ખરી રીતે તે સીધી છે. જેવી રીતે કેટલાક કાચમાં કોઈ પોતાનું મોઢું જુએ છે તો નાક મોટું દેખાય છે, કાન મોટા દેખાય છે વિગેરે; ખરી રીતે મોં, નાક, કાન નાના મોટા હોતા નથી પણ સરખા જ છે. અહીં સોટી માટે પાણી અને નાક કાન વિગેરે માટે દર્પણ અને કાચ આવરણ છે. તેથી વાસ્તવિક સ્વરૂપથી ભિન્ન દેખાય છે. આનું નામ નવીન વેદાંતીઓનો વિવર્તવાદ છે. જેના ઉપર નવીન વેદાંતીઓનો મુખ્ય આધાર છે. વિવર્ત, ઉપાધિ, અધ્યાસ વિગેરે શબ્દો વાપરીને નવીન વેદાંતીઓ પોતાની માયામાંથી છટકી જાય છે. જ્યારે તેમનાથી કોઇ સયુક્તિક જવાબ ન અપાય ત્યારે તેઓ વિવર્ત, ઉપાધિ, માયા, વિગેરેનો આશ્રય લઈ છુટી જાય છે, પરંતુ બ્રહ્મના ઈશ્વર થવામાં અને ઇશ્વરના જીવ થવામાં અને જડ પરમાણુથી બનેલું જગત વાસ્તવમાં બ્રહ્મ જ છે એમ સિદ્ધ કરવામાં નવીન વેદાંતીઓને વિવર્તવાદ મદદરૂપ થાય તેમ નથી કારણ કે વેદમાં કોઇપણ ઠેકાણે બ્રહ્મ ને ઈશ્વરને માયા લાગવાનું કે ઈશ્વર જીવને અવિદ્યા લાગવાનું પ્રમાણ મળતું નથી; આ ઉપરાંત યુક્તિથી પણ બ્રહ્મ, જીવ, ઇશ્વરને માયા અવિદ્યા લાગ્યાનું અને વિવર્ત દેખાવાનું સિદ્ધ થઇ શકતું નથી. વિવર્તમાં દ્રષ્ટા, દૃશ્ય અને આવરણ સ્થળાંતરમાં હોવાં જોઇએ અને જુદાં જુદાં હોવા જોઇએ. જેમકે લાકડાની સોટી એક વસ્તુ જળ બીજી વસ્તુ, અને દ્રષ્ટા એટલે જોનાર ત્રીજી વસ્તુ આ ત્રણેય જુદા જુદા સ્થાને રહેલાં છે. બ્રહ્મ, ઇશ્વર, જગત અને જીવનું તેવી રીતે નથી. બ્રહ્મ અને ઈશ્વર સર્વવ્યાપક, નિરાકાર અને એક જ હોવાથી એક બીજાથી જુદા સ્થાનમાં નથી, એક બીજાથી દૂર નથી; વળી તેઓ વચ્ચે આવરણ પણ નથી કારણ કે આવરણ માટે જુદું સ્થાન નથી તેથી દ્રષ્ટા, દૃશ્ય અને આવરણ અને તેનો પરસ્પરનો સંબંધ આ બધાનું હોવું સંભવિત નથી તેથી બ્રહ્મ, ઈશ્વર, જીવ અને જગત વચ્ચે વિવર્તનો અસંભવ છે. માટે વિવર્તનું દૃષ્ટાંત અભેદવાદીઓ માટે વ્યર્થ છે. નવીન વેદાંતીઓના અદ્વૈતવાદના સિદ્ધાંતાનુસાર દ્રષ્ટા, દૃશ્ય અને આવરણમાં અભેદ છે તે બધું એક જ છે. તેમજ ભોક્તા, ભોગ્ય અને સાક્ષીમાં પણ અભેદ છે અને અદ્વૈત છે. તો કોનામાં કોનો વિવર્ત સંભવે ? માટે અભેદવાદીઓને માટે વિવર્તનું ઉદાહરણ સ્વપક્ષની સિદ્ધિ કરનારું નથી. જો કહો કે વાસ્તવિક તો અભેદ જ છે વિવર્ત દેખાય છે તે પણ મિથ્યા છે તો એક વિવર્તને સિદ્ધ કરવા બીજા વિવર્તનો આશ્રય લેવો પડશે અને બીજા વિવર્તને સિદ્ધ કરવા ત્રીજા વિવર્તનો આશ્રય લેવો પડશે અને નવીન વેદાંતીઓ અનવસ્થા દોષને પ્રાપ્ત થશે અને પરાજય રૂપી નિગ્રહસ્થાનમાં પડશે માટે શ્રી શંકરાચાર્ય વિગેરેનો વિવર્ત, ઉપાધિ, આભાસ, અધ્યાસ વિગેરે તેમના અભેદવાદને સિદ્ધ કરવા નિરુપયોગી છે. વળી બ્રહ્મ, ઈશ્વર, જીવ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિવર્તનો સંબંધ અનાદિ છે કે નહિ, સ્વભાવિક છે કે નૈમિત્તિક છે. તેનો પણ તેઓ જવાબ આપી શકશે નહિ અને જવાબ આપવા જતાં સ્વપક્ષહાનિરૂપ દોષમાં જકડાઇ જશે.

(૭) નવીન વેદાંતીઓ જગતને મિથ્યા અને આ બધું બ્રહ્મ છે એમ બતાવવા ચાંદી અને છીપ, સર્પ અને દોરડું, સ્વપ્ન અને દૃશ્ય, થાંભલો અને માણસનાં દૃષ્ટાંતો આપી અદ્વૈતવાદ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે અને ભોળા માણસો આવા દૃષ્ટાંતના આભાસમાં ફસાય જાય છે અને બ્રહ્મ સત્ય જગત મિથ્યાવાળા મિથ્યા સિદ્ધાંતને માનવા લાગી જાય છે, પરંતુ ઉપર જણાવેલાં દૃષ્ટાંતો એક જ બ્રહ્મ છે અને બીજું કાંઇ નથી એવા અદ્વૈતવાદને સિદ્ધ કરવાને બદલે તેનું ખંડન કરે છે. ચાંદીમાં છીપની ભ્રાંતિ થાય છે, પરંતુ ચાંદી અને છીપ એ બન્ને વસ્તુ વસ્તુતાએ ભિન્ન છે, એક બીજાથી જુદી જુદી છે અને જુદા જુદા સ્થાનમાં રહેનારી છે, વ્યાપ્યવ્યાપકભાવ સંબંધથી રહિત છે, તેવી જ રીતે સર્પ અને દોરડું પોતાના ગુણ કર્મ સ્વભાવથી ભિન્ન છે, જુદા જુદા સ્થાનમાં રહેનારાં છે અને કાર્યકારણ ભાવથી ભિન્ન છે. પુરુષ અને થાંભલો બન્ને એક બીજાથી દૂર, ભિન્ન, વ્યાપ્ય વ્યાપક સંબંધથી રહિત અને સમાન ગુણ કર્મ સ્વભાવથી રહિત છે છતાં ભ્રાંતિ થવાનું કારણ પ્રકાશનો અભાવ છે. પ્રકાશનો અભાવ એટલે અંધકાર દૂર થવાથી બન્નેની ભિન્નતા અને સ્વરૂપ સ્પષ્ટ જણાઇ આવે છે; પરંતુ બ્રહ્મ, જીવ અને જગતનો અભેદ સિદ્ધ કરવા ઉપરનાં દૃષ્ટાંતો મદદરૂપ થતાં નથી કારણ કે બ્રહ્મ, ઈશ્વર, જીવ અને જગત મિથ્યાવાદીઓના મતમાં જુદાં જુદાં નથી વાસ્તવિક રૂપે એક જ છે માટે ભ્રાંતિનો સંભવ નથી. વાસ્તવમાં બે જુદા જુદા પદાર્થો હોય તો જ ભ્રાંતિ થઈ શકે. સર્પ અને દોરડું, પુરુષ અને થાંભલો, છીપ અને ચાંદી વસ્તુતાએ ભિન્ન છે એટલે ભ્રાંતિનો સંભવ છે. જે ભ્રાંતિ અજ્ઞાન રૂપી નિમિત્તથી દૂર થઈ જુદાપણાનું ખરું જ્ઞાન કરાવે છે. એવી જ રીતે નવીન વેદાંતીઓ અને આધુનિક સાંપ્રદાયિક આચાર્યોને કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત અને દ્વૈતાદ્વૈત વિગેરેમાં વૈદિક સિદ્ધાંતોના અભાવરૂપી અજ્ઞાનથી અને વાસ્તવિક જ્ઞાનના રહિતપણાને લીધે બ્રહ્મમાં ઈશ્વર અને જીવન-પણાની, ઈશ્વરમાં જીવ અને જગતપણાની તેમજ અશુદ્ધ અને જડ જગતમાં શુદ્ધ ચેતન બ્રહ્મની ભ્રાંતિ થયેલી છે, અલ્પજ્ઞ અને એકદેશીય જીવમાં સર્વજ્ઞ અને સર્વવ્યાપક બ્રહ્મની ભ્રાંતિ થયેલી છે તેને દૂર કરવા આ યુગના મહર્ષિ દયાનંદે વૈદિક સિધ્ધાંતોના પ્રતિપાદન વડે અને વેદરૂપી સૂર્યના પ્રકાશ વડે તે માયાવાદની ભ્રાંતિ દૂર કરવાની હાકલ કરી છે અને માયાવાદીઓએ પાથરેલી માયાની જાળમાંથી સૌને મુક્ત કર્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહા વાકય વિચાર

(૮) હવે આપણે શ્રી શંકરાચાર્ય વિગેરે સાંપ્રદાયિક આચાર્યો ઉપનિષદનાં કેટલાંક વાકયો અને તેના પદોને મહા વાકય તરીકે માને છે, અને તેના પ્રસંગ અને પ્રકરણ વિરુદ્ધ અર્થ કરે છે, તેની સમીક્ષા કરશું. આ પહેલાં એક વાત જાણી લેવી જોઇએ કે શ્રી શંકરાચાર્ય વિગેરેએ માની લીધેલા સ્વકલ્પિત મહા વાકયોમાંથી એક પણ વાકય કે પદ વેદમાંથી લીધેલ નથી પરંતુ સમસ્ત વાકયો અને પદો ઉપનિષદો કે જેમાં અવૈદિકોએ પ્રક્ષિપ્ત ભાગ ઉમેરેલો છે અને વામમાર્ગના સિદ્ધાંતો જેમાં ઘુસાડી દીધેલા છે તેવા પ્રાચીન અને નવાં ઉપનિષદોનો આશ્રય લઇ કેટલાક પદો અને વાકયોને મહા વાકયોનું વિશેષણ આપી જગતમાં અજ્ઞાન ફેલાવવાની કોશીષ કરેલ છે. ખરી રીતે એ વાકયોને મહા વાકયો કહેવાં તે જ અજ્ઞાન છે, અને ઉપનિષદના શેષ ભાગને અપમાન કરવા જેવું છે, જે મહા વાકયો ઉપર મદારીની મોરલી ઉપર જેમ નાગ નાચે તેમ સાંપ્રદાયિક આચાર્યો અને તેમના શિષ્યો નાચે છે, તેનું રહસ્ય ખેલાવામાં આવે છે.

तत्त्वमसि, अयमात्मा ब्रह्म, प्रज्ञानं ब्रह्म, अहं ब्रह्मास्मि, सर्वं खल्विदं ब्रह्म, नेह नानास्ति किंचन, द्वैताद्वै भयं भवति, एक मेवा द्वितीयं ब्रह्म, વિગેરે નવીન વેદાંતીઓનાં માનેલાં મહા વાકયો છે. હવે પહેલાં તત્ત્વમસિ પદ પર વિચાર કરશું. તત્ત્વમસિ એ શબ્દો કોઇ સ્વતંત્ર વાકય નથી તેમ મહાવાકય પણ નથી. નવીન વેદાંતીઓ આ પદનો અર્થ કરે છે तत् એટલે બ્રહ્મ, त्वं એટલે તું, असि એટલે છે. "તું બ્રહ્મ છે." છાંદોગ્ય ઉપનિષદ ૬–૮–૭ માં આવેલું આ વાકય નીચે મુજબ છે. છઠ્ઠા પ્રપાઠકના આઠમાં ખંડના આરંભથી ઉદ્દાલક શ્વેતકેતુને સત્ પ્રકૃતિમાંથી પાંચ તત્ત્વોનું આ શરીર કેવી રીતે બને છે, અને તે શરીર કરતાં જીવાત્મા જુદો છે, અને તે જીવાત્મા તે તું છે એવો ઉપદેશ આપે છે, તેવો સ્પષ્ટ અર્થ હોવા છતાં તું બ્રહ્મ છે એવો પ્રકરણ વિરુદ્ધ ખોટો અર્થ કરવામાં આવ્યો છે.

મંત્ર છમાં જણાવ્યું છે કે મરનાર પુરુષ જીવનાં મનમાં વાણી લીન થઈ જાય છે તથા પ્રાણમાં મન લીન થઈ જાય છે તેજમાં પ્રાણ લય થઇ જાય છે અને તેજ આગુતર જીવાત્મામાં લીન થઈ જાય છે ત્યાર પછી મંત્ર સાતમાં બતાવ્યું છે કે:—

ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो ?

હે શ્વેતકેતો ? ઉપર જણાવેલ પ્રકૃતિના વિકારોથી જુદો જીવાત્મા છે તે પ્રકૃતિના ગુણોથી રહિત છે, તે સત્ય છે. આ જગતમાં તેમાં રહેલા ચેતનાદ્રિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણો દેખાઇ આવે છે; તે જીવાત્મા તું છે. જીવ બ્રહ્મની એકતા બતાવનારો અર્થ આમાં કયાંય નીકળી શકતો નથી.

હવે અયમાત્મા બ્રહ્મનું પ્રકરણ બૃહદારણ્યકમાં ૨–૫–૧૯માં જોવાથી સ્પષ્ટ જણાઈ આવશે કે કંડિકા ૧૮માં વ્યાપક પરમાત્માનું પુરુષ શબ્દથી વ્યાખ્યાન કરતાં કરતાં કંડિકા ૧૯મી રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ–પ્રકૃતિમાંથી અનેક રૂપ બનાવી સૃષ્ટિ ઉત્પન્ન કરી માયા વડે અનેક રૂપ જગતમાં દેખાય છે, તે સર્વના બનાવનાર બ્રહ્મ સ્રષ્ટા છે તેમ જણાવ્યું છે ત્યાં જીવ અને બ્રહ્મનો અભેદ છે તે બતાવનારું પ્રકરણ જ નથી. સામાન્ય વાકયને વ્યર્થ મહા વાકય બનાવી દીધું છે. પ્રજ્ઞાનં બ્રહ્મ વાકયમાં પણ જીવ બ્રહ્મની એકતા સિદ્ધ થતી નથી પ્રજ્ઞાન એ બ્રહ્મનું વિશેષણ છે માટે પૂર્ણ જ્ઞાન વાળું બ્રહ્મ; એટલો જ તેનો અર્થ થાય છે; અહં બ્રહ્માસ્મિ એ કોઈ જુદું વાકય નથી પરંતુ બૃહદારણ્યક ઉપનિષદના ૬ અધ્યાયના બ્રાહ્મણ ૪મા ૧૦મી કંડિકામાં વચ્ચેનો ભાગ છે. ઉપરની ૯મી કંડિકામાં ચર્ચા છે કે જ્ઞાની મનુષ્ય કહી શકે તેમ છે કે હું બ્રહ્મને સંપૂર્ણપણે જાણું છું તેની ચર્ચામાં ૧૦મી કંડિકામાં આપ્યું છે. બ્રહ્મ વા ઇદમગ્ર આસીત્ તદાત્માનં અવેદાહં બ્રહ્માસ્મિ ઇતિ તસ્માત્ તત્સર્વં અભવત્ **અર્થ**:—નિશ્ચયથી પ્રારંભમાં આ બ્રહ્મ હતા તેઓ પોતાને જાણતા હતા કે હું બ્રહ્મ છું ત્યાર પછી જગત બન્યું અને મનુષ્યોએ અને દેવોએ જાણ્યું કે બ્રહ્મ શું છે અને બ્રહ્મ જ્ઞાન પ્રાપ્ત કર્યું આ ઠેકાણે બ્રહ્મ જીવની એકતાનો કાંઇ ઉલ્લેખ નથી છતાં મિથ્યાવાદીઓ દોઢ હજાર વર્ષોથી અહં બ્રહ્માસ્મિ એમ કહીને પોતે બ્રહ્મ બની બેઠા છે અને કેટલાક પોતે જ બ્રહ્મના નામે ગુરુ બની માલ મલીદા ઉડાવે છે. આવી રીતે પોતે જ બ્રહ્મ બની બેસવામાં મજા છે એમ જાણી અહં બ્રહ્માસ્મિનો પ્રચાર કરી ઘણા માણસો સ્વાર્થ સિદ્ધ કરવા લાગ્યા. આ વાકયને મહા વાકય બનાવી ઘણા લોકો બ્રહ્મ બની બેઠા છે અને દુનિયામાં મહાન અજ્ઞાન ફેલાવ્યું છે. સર્વં ખલ્વિદં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિંચન આ બધું બ્રહ્મ છે તેમાં અનેક નાના મોટા પદાર્થો દેખાય છે તે કાંઇ નથી મિથ્યા છે માત્ર બ્રહ્મ જ છે. આવી રીતે નવીન વેદાંતીઓએ અર્થનો અનર્થ કર્યો છે. તેઓએ કેવી ઠગવિદ્યા અને કપટ કર્યું છે તેની પોલ ખોલવામાં આવે છે. સર્વં ખલ્વિદં બ્રહ્મ એ છાંદોગ્ય ઉપનિષદનું પદ છે અને બાકીનો ભાગ નેહ નાનાસ્તિ કિંચન એ કઠોપનિષદમાં આવેલું છે આવી રીતે બે જુદા જુદા વાકયોના બે ભાગોને ભેગા કરી એક વાકય બનાવી જનતાની આંખોમાં ધૂળ નાખવાનો પ્રયત્ન કર્યો છે, ધન્ય છે, મિથ્યાવાદીઓના મિથ્યા પ્રયત્નને અને માયાવાદીઓની માયા જાળને. સર્વં ખલુ ઇદં બ્રહ્મ અહીંયાં જણાવેલું છે. આ સર્વ જગતને બનાવનાર નિમિત્ત કારણ બ્રહ્મ છે તે સર્વ વ્યાપક છે અને તેની જ શાંતિથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાસના કરવી અન્યની નહિ એવો ઉપદેશ છે. છતાં તે પદને જીવ બ્રહ્મની એકતામાં માયાવાદીઓએ લગાવી દીધું છે નેહ નાનાસ્તિ કિંચન આ વિવિધ સ્વરૂપોનું મૂળ કારણ એક પ્રકૃતિ જ છે એવો અર્થ થાય છે, તે પ્રકૃતિ પણ બ્રહ્મમાં સ્થિત છે અને તેને આધીન છે. એવો સ્પષ્ટ અર્થ હોવા છતાં જીવ બ્રહ્મની અને જગતની એકતા અને અભેદવાદમાં લગાવી અનર્થ કર્યો છે તેવું જ દ્વૈતાદ્વૈત મયં મવતિ નું થયેલ છે. જીવ માત્ર સમાન ગુણ કર્મ સ્વભાવવાળા છે અને જીવો વચ્ચે ભેદભાવ ન સમજવો જોઈ તેવો અર્થ છે તેમાં કયાંય જીવ બ્રહ્મની એકતા નથી, પરમાત્મા એક છે એ નથી. એ પરમાત્મા સમજવાથી અજ્ઞાન ઉત્પન્ન થાય છે, અજ્ઞાનથી ભય પેદા થાય છે; તે પણ અર્થ થઈ શકે; પરંતુ જીવ બ્રહ્મની એકતાનો અર્થ કોઇ રીતે નીકળી શકતો નથી. એક મેવાદ્વિતીયં બ્રહ્મ વાળા વાક્યનો અર્થ બ્રહ્મ એક જ છે અને અદ્વિતીય છે; અહીંયાં અદ્વિતીય શબ્દનો અર્થ એ છે કે તેના જેવો બીજો કોઇ નથી જેમ કોઈ બહુ વિદ્વાનને આપણે અદ્વિતીય પંડિત કહીએ છીએ એનો અર્થ એવો નથી કે બીજો કોઇ પંડિત નથી કે વિદ્વાન નથી બીજા પંડિતો પણ છે પરંતુ અદ્વિતીય એટલે સૌથી વધારે વિદ્વાન અ + દ્વિતીય જેના જેવો બીજો નહિ તેનું નામ અદ્વિતીય. અદ્વિતીય શબ્દ બીજાના અભાવનો સમર્થક નથી પરંતુ તુલનાત્મક રીતે શ્રેષ્ઠતા સિધ્ધ કરનારો શબ્દ છે એવી રીતે બ્રહ્મની બરાબરીમાં બીજી કોઇ વસ્તુ હોઈ શકે નહિ તેટલો તેનો અર્થ છે. જીવ બ્રહ્મ અને જગતની એકતા સિદ્ધ કરવામાં તે વાક્યનો ભાગ તેમને ઉપયોગી નથી અને મહાવાક્ય પણ નથી. આવી રીતે શ્રી શંકરાચાર્યના મહાવાક્યોની સમીક્ષા કરવામાં આવી છે. બ્રહ્મ, ઈશ્વર, જીવ અને જગતની એકતામાં કલ્પિત મહાવાક્યો મહાવાદીઓને મદદરૂપ થતાં નથી તે સિદ્ધ કરવામાં આવ્યું છે, હવે પ્રકૃત પરમાણુથી જગત બન્યું છે, તે સિદ્ધ કરવામાં આવશે. સાંખ્ય અને વૈશેષિકના પ્રકૃતિ પરમાણુ ઉપાદાનકારણવાદ ઉપર જે આક્ષેપો કરવામાં આવ્યા છે તેનો પરિહાર કરવામાં આવશે.

પ્રકૃતિ-પરમાણુ-કારણ-કાર્યવાદ

વૈદિક સિદ્ધાંત અનુસાર બ્રહ્મ અને ઈશ્વર જુદાં નથી, પરંતુ જુદાં જુદાં નામ હોવાં છતાં તે એક જ છે તે આ જગતનું નિમિત્ત કારણ છે અને તે સૃષ્ટિનો સ્રષ્ટા છે, કર્તા છે, સંચાલક છે અને પ્રલયકર્તા પણ છે. સર્વવ્યાપક, સર્વજ્ઞ, નિરાકાર અને સર્વ શક્તિમાન હોવાથી જગતનો નિયંતા પણ છે. સૃષ્ટિનું સર્જન અને સંચાલન નિરંતર અને નિત્ય થતું હોવાથી અનંત બળ, અનંત જ્ઞાન યુક્ત નિત્ય બ્રહ્મ શિવાય અન્ય કોઇપણ જગતનું નિમિત્ત કારણ થઈ શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. આ સિદ્ધાંત સર્વ દર્શન શાસ્ત્રોને માન્ય છે. જેઓ અન્યથા સમજે છે, અથવા માને છે તેઓ સત્ય સમજતા નથી અને પક્ષપાતી તથા દુરાગ્રહી છે.

શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવ નિરાકાર ચેતન સ્વરૂપ બ્રહ્મમાં જડત્વ અને અશુદ્ધિપણાનો અને અજ્ઞાનનો સદંતર અભાવ હોવાથી અને ત્રિકાળમાં અખંડ એકરસ અને સચ્ચિદાનંદ સ્વરૂપ હોવાથી, નિર્વિકારી અને અપરિણામી હોવાથી બ્રહ્મ જગતનું ઉપાદાનકારણ થઈ શકે નહિ. જડ, વિકારી અને પરતંત્ર તત્ત્વજ જગતનું ઉપાદાનકારણ થઈ શકે, અન્ય નહિ. તેથી જડ, સત્વ, રજ, તમ એવા અસંખ્ય પરમાણુઓની સામ્ય અવસ્થા જેને પ્રકૃતિ કહે છે, તેને જ પ્રધાનકારણ પણ કહે છે. તે અનાદિ જડ તત્ત્વ, જેમાં સત્વ રજ, તમ, પરમાણુ, નિત્ય, આકાશ, કાળ વિગેરે જડ તત્વોનો સમાવેશ થાય છે, અર્થાત્ જેને જગત બનાવવાની સામગ્રી કહે છે, તે જગતનું ઉપાદાન કારણ છે. એ સિધ્ધાંત સર્વ વૈદિકોને, વેદાદિ શાસ્ત્રોને અને સર્વ દર્શનકાર મહર્ષિઓને સ્વીકૃત છે, અને દર્શન શાસ્ત્રમાં તેનું વર્ણન કર્યું છે, તે વિષયમાં પરસ્પર વિરોધ નથી.

ત્રીજું કારણ અલ્પજ્ઞ, એકદેશી, ચેતન અને નિત્ય જીવ પ્રયત્ન વડે પરિમિત જ્ઞાન પ્રાપ્ત કરનારો છે અને પરમ પુરુષાર્થથી મોક્ષ મેળવનાર જીવાત્મા છે કે જેને માટે જગત રચવામાં આવે છે.

ઉપર જણાવેલા સિદ્ધાંતોનું ન્યાય, સાંખ્ય, યોગ, વૈશેષિક, પૂર્વમીમાંસા અને બ્રહ્મ સૂત્ર (વેદાંત દર્શન) અને ઉપનિષદો પ્રતિપાદન કરે છે અને એક બીજાને ઉપર્યુક્ત સિદ્ધાંતોમાં કોઈ પણ પ્રકારનો મતભેદ નથી.

પરંતુ દુઃખની વાત છે કે છેલ્લા ત્રણ હજાર વર્ષના યુગમાં વિદેશથી આર્યાવર્તમાં આવેલી પ્રજાએ આર્યસાહિત્યમાં ઘણું જ મિશ્રણ કરી, નવાં પુસ્તકો બનાવી શુદ્ધ વૈદિક ધર્મના સિદ્ધાંતો અને સાહિત્યને દૂષિત કર્યું છે. જેમ આજકાલના જમાનામાં હિંદુ સન્યાસીઓના વેશમાં ઈસાઈમીશનરીઓ હિંદુઓને છેતરી લાલચ આપીને વટલાવે છે, અને આગાખાનીઓએ હિંદુઓને વટલાવવા ધર્મના ગ્રંથોમાં ગરબડ કરી ભોળા હિંદુઓને છેતર્યા છે અને છેતરે છે. તેવી રીતે છેલ્લાં ત્રણ હજાર વર્ષોથી આર્ય પ્રજામાં પ્રવેશ કરી અનાર્યોએ અનેક રીતે આર્યોના સાહિત્યને દૂષિત કર્યું છે. તેમાં આધુનિક સાંપ્રદાયિક આચાર્યોએ પોતાની મહત્તા વધારવા માટે અને આર્યોના શુદ્ધ વૈદિક ધર્મને ભ્રષ્ટ કરવા માટે, ઉપનિષદ, ગીતા અને વેદાંત દર્શનનાં ભાષ્યો રચી મૂળ ઋષિ મુનિ પ્રણીત દર્શન શાસ્ત્રોને દૂષિત કર્યા છે. તેમાં શ્રી શંકરાચાર્ય, શ્રી રામાનુજાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય આદિએ જગતનું ઉપાદાન કારણ જે પ્રકૃતિ પરમાણુ છે તેને બદલે નિર્વિકાર, નિરાકાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધ બ્રહ્મને જ જગતનું ઉપાદાન કારણ બતાવી પોતે જ બ્રહ્મ બની બેઠા છે. આ લેખના ઉપલા ભાગમાં તેમની લીલાનું દિગ્દર્શન કરાવ્યું છે. હવે પછી તે આચાર્યોએ વેદાંતદર્શનના બીજા અધ્યાયના બીજા પાદમાં સૂત્ર ૧ થી ૧૦ સુધીના ભાષ્યમાં કપિલ મુનિ પ્રણીત સાંખ્ય દર્શનના મુખ્ય વિષય પ્રકૃતિ ઉપાદાનકારણ વાદનું ખંડન કરવાનો દાવો કર્યો છે; તેની સમીક્ષા કરશું. ઉક્ત આચાર્યોએ તે દશ સૂત્રોનું ભાષ્ય કરતાં કરતાં શ્રી કપિલ મુનિકૃત સાંખ્યનું ખંડન કરીએ છીએ એવો મિથ્યા પ્રલાપ કર્યો છે. પ્રકૃતિ જગતનું ઉપાદાનકારણ હોઈ શકે નહિ એ સિદ્ધ કરવા તેઓ એક પણ પ્રમાણ કે દૃષ્ટાંત, દલીલ કે યુક્તિ આપી શકયા નથી માત્ર એટલું જ લખી શકયા છે કે, એકલી પ્રકૃતિ જડ હોવાથી સ્વતંત્ર રીતે પોતે જગત બનાવી શકે નહિ એટલું જ વારંવાર જણાવી એકની એક બાબતનું વ્યર્થ પિષ્ટપેષણ કરી સિદ્ધ કર્યું છે, કે ચેતન બ્રહ્મ સિવાય એકલી પ્રકૃતિ જગત બનાવી શકે નહિ. આ તો બોદ્યો કુંગર અને કાઢયો ઉંદર. એવી વાત થઈ, આજ દિવસ સુધી કોઇ ઋષિ મહર્ષિઓએ એવું લખ્યું નથી કે ઇશ્વર સિવાય એકલી પ્રકૃતિ જગત બનાવે છે. સર્વ ઋષિઓએ વૈદિક સિદ્ધાંત કે બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ છે અને પ્રકૃતિ પરમાણુ જગતનું ઉપાદાન કારણ છે એ બંને સિવાય જગતની રચના થઇ શકે નહિ એવો સિદ્ધાંત સ્થિર કર્યો છે અને શ્રી શંકરાચાર્ય આદિનો બ્રહ્મને ઉપાદાન કારણ માનવાનો પરિશ્રમ વ્યર્થ બન્યો છે; છતાં પોતાના ભાષ્યનાં બણગાં ફુંકવાનો ધંધો તેઓ તથા તેમના શિષ્યો હજી સુધી ચાલુ રાખે છે એ તેમની અનધિકાર ચેષ્ટા છે.

હવે ત્યારપછીના સૂત્ર ૧૧ થી ૧૭ સુધી મહર્ષિ કણાદ પ્રતિપાદિત પરમાણુ કાર્યવાદનું ખંડન કરવાનો દાવો કરનારૂં ભાષ્ય કર્યું છે તેની સમીક્ષા કરશું.

વૈશેષિક દર્શનકાર શ્રી કણાદ મુનિના સિદ્ધાંત મુજબ પરમાણુ જગતનું ઉપાદાન કારણ છે. પરમાણુ એટલે કોઈ પણ પદાર્થ જે સાવયવ છે, શરીરી છે, અનેક પરમાણુઓના સંયોગથી બનેલ છે તે પદાર્થનો સૌથી સૂક્ષ્મ અવિભાજ્ય અવસ્થાવાળો પદાર્થ છે. દૃશ્યમાન જગતનો કોઇ પણ પદાર્થ નષ્ટ થતાં થતાં સૌથી સૂક્ષ્મ સ્થિતિમાં આવી પડે તેને પરમાણુ કહેવાય છે. એક અણુની યંત્રથી, ગણિતથી કે કલ્પનાથી પણ **અવિભાજ્ય** સ્થિતિ તે પરમાણુ છે, આવાં અસંખ્ય નિત્ય પરમાણુ વડે ઇશ્વર આ જગતને ક્રમે કરીને બનાવે છે. આવાં પ્રત્યેક પરમાણુ પૃથક રહે ત્યારે તે નિરવયવ છે અને સંયોગ થાય, એક બીજાની સાથે જોડાય ત્યારે તે જોડાણથી ઉત્પન્ન થયેલ પદાર્થ અવયવી કહેવાય છે. સૃષ્ટિના આરંભમાં પૃથક્ પૃથક્ રહેલાં પરમાણુને એકઠાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી તેના સમુહને દ્વયણુક, ત્રસરેણુ વિગેરેને પરમાત્મા પોતાની કર્તૃત્વ શક્તિથી જોડી તેઓની સામ્યાવસ્થાને તોડે છે.

સત્વ (Self Expression), રજ (Motion), તમ (Inertia), પરમાણુઓની સામ્ય અવસ્થાને પ્રકૃતિ કહે છે. તેમની પ્રકાશશક્તિ, ગમનશક્તિ અને સ્થિરતાશક્તિની સામ્યાવસ્થા જેને અંગ્રેજીમાં State of Equilibrium of forces in Triangle કહે છે તેનું નામ પ્રકૃતિ, એવી પરિભાષા થાય છે જેવી રીતે ત્રણ બાજુથી દોરડાને ખેંચવામાં આવે અને ખેંચનારાઓમાં બળનું જ્યાં સુધી સામ્ય હોય ત્યાં સુધી કોઇપણ દિશામાં દોરડું ખેંચાઇ જશે નહિ તેવી સ્થિતિ જગત બન્યા પૂર્વે પરમાણુઓની એટલે સત્વ, રજ અને તમ પરમાણુઓની ત્રિકોણાત્મક સામ્ય અવસ્થા હોય છે જેને Triangular equilibrium of forces કહેવાય છે. પરંતુ અહીં એક મુખ્ય બાબત યાદ રાખવી જોઇએ કે જે અત્યંત અગત્યની છે તે એ છે કે પરમાણુ નિરવયવ છે પણ નિરાકાર નથી. જો તેઓ નિરાકાર હોત તો સાકાર સૃષ્ટિ બની શકત નહિ. શ્રી શંકરાચાર્ય અને અન્ય દાર્શનિકોએ અહીં ભૂલ કરી છે તે એ કે પરમાણુને નિરવયવ કહીને નિરાકાર માની ખંડન કર્યું છે જે વેદાંત દર્શનના બીજા અધ્યાયના બીજા પાદના ૧૧ મા સૂત્રથી ૧૭ મા સૂત્ર સુધીના શ્રી શંકરાચાર્યના તથા અન્યના શારીરિક આદિ ભાષ્યો જોવાથી જણાશે કે તેમણે પરમાણુ સાકાર નથી એમ માનીને ખંડન કર્યું છે. સિદ્ધાંત એ છે કે જ્યારે ઈશ્વર ઇક્ષણ કરે છે, ત્યારે નિરવયવ પરમાણુઓની સામ્ય અવસ્થાને તે તોડે છે અને ક્રમશઃ નીચે મુજબ સૃષ્ટિ બને છે.

અનાદિ નિત્ય સ્વરૂપ સત્વ, રજ, તમોગુણ યુકત પરમાણુઓની સામ્ય અવસ્થારૂપ પ્રકૃતિમાંથી પરિચ્છિન્ન થયેલા પરમ સૂક્ષ્મ જુદા જુદા રહેલા અવયવોનો જ પહેલો સંયોગ અને એ સંયોગમાંથી જે એક રૂપાંતર બને છે તેનું નામ સૃષ્ટિ છે. આ પ્રમાણે સૂક્ષ્મ રૂપાંતરમાંથી એક પછી એક એમ ક્રમથી બનતા રૂપાંતરોથી સ્થૂળરૂપ વિચિત્ર જગત બને છે પ્રાથમિક સંયોગોનો જે આધાર છે તેનો કદિ નાશ થતો નથી તે મૂળ કારણ કહેવાય છે. સંયોગ વિયોગને લીધે જે બને છે અને બગડે છે તે કાર્ય કહેવાય છે, આવા પ્રકારના કાર્યકારણને સૃષ્ટિ કહે છે.

જો કોઇ એમ પ્રશ્ન કરે કે, એક નિરવયવ પરમાણુ પૃથક્ હોય તે ભેગાં મળે તો સાવયવ અથવા સાકાર કેવી રીતે થાય ? એકત્વગુણયુક્ત પરમાણુ અનેકત્વને કેવી રીતે પ્રાપ્ત કરે ? શ્રી શંકરાચાર્યે વેદાંતદર્શનના બીજા અધ્યાયનાં બીજા પાદના ૧૧ મા સૂત્રમાં પરમાણુવાદીઓ ઉપર પ્રશ્ન કર્યો છે કે પરમાણુનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુણવિશેષ જે પારિમંડલ્ય છે તે અન્ય પારિમાંડલ્ય ગુણને ઉપજાવતો નથી એ વૈશેષિકની પ્રક્રિયામાં વ્યભિચારદોષ છે કારણ કે કારણનો ગુણ કાર્યમાં ગુણાંતર ઉપજાવે છે એવી તેમની પ્રક્રિયા છે તેથી બ્રહ્મના અભિન્ન નિમિત્તોપાદાનકારણ પર પરમાણુવાદીઓ આક્ષેપ કરી શકે નહિ.

ઉત્તરઃ—શ્રી શંકરાચાર્યે ઉઠાવેલા ઉપરના આક્ષેપનો ઉત્તર તે ૧૧મું સૂત્ર જ આપે છે કે નિરવયવ પરમાણુઓના સમુદાયના મહત્પરમાણુજન્ય અવયવીની ઉત્પત્તિ થઈ જાય છે. હ્રસ્વપરિમાણવાળા દ્વયણુકથી મહદ્ દીર્ઘપરિમાણુવાળું ત્રયણુક થાય છે અને પરિમંડળ પરિમાણવાળા પરમાણુઓથી હ્રસ્વપરિમાણુવાળાં દ્વયણુક થાય છે. એ પ્રકારે ચેતનબ્રહ્મ વ્યકિતગત પોતાની સૃષ્ટિકર્તૃત્વશકિતથી પરિમાણવાળા પરમાણુનું પારિમંડલ્ય કાયમ રાખીને સમષ્ટિરૂપ મહત્ પરિમાણ ઉપજાવે છે. આ વિષયને વિશેષ સ્પષ્ટ કરશું. જેમ એકનો અંક (૧) એકની સંખ્યાનો ગુણ ધરાવે છે; પરંતુ તે એકડો બગડારૂપે, ત્રણના રૂપે ૨-૩-૪ વિગેરે રૂપે વૃદ્ધિ પામે છે; અને બીજાના સંયોગથી મોટી સંખ્યારૂપે થઈ જાય છે; પરંતુ તે બીજી સંખ્યામાં મળી જવા છતાં પોતાની એકની સંખ્યાનો ગુણ પોતાનામાં કાયમ રાખે છે, જેમ કે ૨-૩ વિગેરે ૨ માં ૧ એકડો પોતાના એકપણાનો ગુણ ખોઈ બેસતો નથી પરંતુ બે એટલે ૧+૧ બે એકડા મળીને બે થાય છે, ૧+૧+૧ મળીને ત્રણ થાય છે તેવી રીતે ગમે તેટલી મોટી કે નાની સંખ્યાઓ પેદા થાય અને ક્ષીણ થાય છતાં એકડાને પોતાના નિરવયત્વમાં બાધ આવતો નથી તેવી રીતે એક પરમાણુ પોતાના પારિમાંડલ્ય સાથે ગમે તેટલા ઓછા વધતાં અન્ય પરમાણુઓના સંઘાતમાં રહી પોતાના ગુણકર્મને કાયમ રાખે છે અને પોતાના પારિમાંડલ્યમાં બાધ આવવા દેતો નથી તેથી વૈશેષિક પરમાણુવાદ પર વ્યભિચારનો દોષ આવતો નથી અને શ્રી શંકરાચાર્યનો આક્ષેપ ટકી શકતો નથી.

આ ઉપરાંત ભૂમિતિના સિદ્ધાંતમાં બિંદુ છે જેને અંગ્રેજીમાં point કહે છે. યુકલીડની પરિભાષામાં A point has position but no magnitude—સત્તાત્મક બિંદુ લંબાઈ, પહોળાઈ અને જાડાપણું ધરાવતું નથી છતાં એક બિંદુમાં બીજું બિંદુ અને ત્રીજું ચોથું મળી લીટી બનાવે છે એ સિધ્ધાંત છે અને પ્રત્યક્ષ છે, યુકલીડનો બીજો સિદ્ધાંત છે કે Line is constructed by more than one point એકથી વધારે બિંદુઓ આંખે જોઈ શકાય તેવી લીટી બનાવી આપે છે, છતાં a point has position but no magnitude ની વ્યાખ્યામાં કોઇએ સુધારો કર્યો નથી અને સમસ્ત ગણિતશાસ્ત્ર તેના પર જ સ્થિર છે તેવી જ રીતે નિત્ય, નિરવયવ પરમાણુ પોતાના પારિમાંડલ્ય સહિત સર્વ પદાર્થોમાં અસ્તિત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરાવે છે અને કશો દોષ ઊભો થઈ શકતો નથી. આવા પારિમાંડલ્યયુકત પરમાણુ-ઓને સૃષ્ટિકર્તા બ્રહ્મ અનેક નાના મોટા રૂપમાં આકારમાં ફેરવી નાખે છે એટલે નિમિત્તકારણ બ્રહ્મ વિના માત્ર પરમાણુઓ પોતાની મેળે સૃષ્ટિ બનાવે છે તે સિદ્ધાંત વૈદિકોને માન્ય નથી માટે શ્રી શંકરાચાર્ય આદિનો પરમાણુવાદીઓ ઉપરનો આક્ષેપ ટકી શકતો નથી. તેની પુષ્ટિમાં તે પછીના સૂત્રો ૧૨ થી ૧૭ શ્રી વ્યાસ ભગવાન રજુ કરે છે કે :—

સંગતિઃ— જેવી રીતે હ્રસ્વ હ્રસ્વ મળી દીર્ઘ થાય છે તેવી રીતે પરિમંડળ પરિમંડળ મળીને મહત્ પરિમંડળ થાય છે, તો તેવી રીતે સંયોગથી સૃષ્ટિ અને વિયોગથી પ્રલય માની લઈએ તો તે થઈ શકે કે નહિ તેના ઉત્તરમાં નિમિત્તકારણ બ્રહ્મ વિના થઈ શકે નહિ તેમજ બ્રહ્મને ઉપાદાનકારણ માનવાથી પણ થઈ શકે નહિ તે સિદ્ધ કરવા **उभयथापि न कर्म अतः तदभावः** નું સૂત્ર રજુ કરે છે, સૂત્રનો અર્થ અને વિવરણ નીચે મુજબ છે.

અર્થ—(उभयथा) બન્ને પ્રકારથી (अपि) પણ (नकर्म) તેમાં કર્મ થઈ શકતું નથી (अतःतद्अभावः) માટે અભાવ જ રહેશે.

વિવરણ—માયાવાદીઓના મતમાં બ્રહ્મ તો નિષ્ક્રિય છે. જ્યાં સુધી માયાનો યોગ થાય નહિ ત્યાં સુધી જગત્ કર્તૃત્વ-કર્મ થઈ શકશે નહિ. જ્યારે બ્રહ્મ માયોપહિત ચેતન ઈશ્વર થાય ત્યારે જ માયા વડે જગત બને એમ માયા-વાદીઓ માનતા હોવાથી અને માયા પણ અચેતન-જડ છે. તેથી જગત બની શકશે નહિ, અને ચેતન શકિત વિના માત્ર પરમાણુ પણ જગત બનાવી શકે નહિ, માટે બન્ને રીતે જગત્ કર્તૃત્વ રૂપી કર્મનો સંભવ નથી. આ સૂત્રથી ભગવાન્ વ્યાસે બ્રહ્મને નિમિત્ત-કારણ અને પ્રકૃતિ-પરમાણુને ઉપાદાન કારણથી જ સૃષ્ટિનો સંભવ માન્યો છે, અને બ્રહ્મના ઉપાદાન કારણપણાનું ખંડન કર્યું છે, જ્યારે આ સૂત્રના ભાષ્યમાં શ્રી શંકરાચાર્ય આદિ ભાષ્યકારોએ મહર્ષિ કણાદના વૈશેષિક દર્શન પ્રતિપાદિત પરમાણુ કારણવાદનું વ્યર્થ ખંડન કર્યું છે. ત્યાર પછીના ૧૩મા સૂત્રમાં પણ માયા અને બ્રહ્મનો સંબંધ માનવાથી જ બ્રહ્મ જગતનું કારણ થઈ શકે છે, તેમ માયાવાદીઓ માને છે; પરંતુ માયા જડ છે અને બ્રહ્મ ચેતન હોવાથી તેનો સંબંધ કોણે, કેવી રીતે અને શા માટે કર્યો એવો પ્રશ્ન ઊભો થાય છે. જેનો જવાબ નવીન વેદાંતીઓ આપી શકશે નહિ. માયાવાદીઓના મતમાં નિર્ગુણ બ્રહ્મમાં સંબંધની ઈચ્છા થઇ શકતી નથી અને જડ માયામાં ઈચ્છાનો અભાવ છે, તેથી પૂર્વની માફક દોષ બની રહેશે. માટે બ્રહ્મ ઉપાદાન કારણ નથી. અગાઉના સૂત્ર ૧૪ થી ૧૭ સુધીમાં પણ બ્રહ્મના ઉપાદાન કારણ હોવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડન કર્યું છે. બ્રહ્મ અને માયાના સંબંધને નિત્ય માનશો તો બ્રહ્મ કદી માયાથી છુટી શકશે નહિ. બ્રહ્મના નિત્ય શુદ્ધ બુદ્ધ મુક્ત સ્વભાવને હાનિ પહોંચશે માટે બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ નથી. તેવી જ રીતે પરમાણુઓમાં પણ ચાર વસ્તુ (ગુણ) હોઈ શકે (૧) પ્રવૃત્તિ (૨) નિવૃત્તિ (૩) પ્રવૃત્તિ તથા નિવૃત્તિ (૪) નપ્રવૃત્તિ ननिवृत्ति. જો પ્રવૃત્તિને નિત્ય માનો તો પ્રલય થશે નહિ. નિવૃત્તિને નિત્ય માનો તો જગત બનશે નહિ. પ્રવૃતિનિવૃતિને નિત્ય માનો તો પરસ્પર વિરોધ બની રહેશે અને અકર્તૃત્વપણાનો દોષ લાગશે. નપ્રવૃત્તિ ननिवृत्ति માનશો તો ન સૃષ્ટિ થાય ન પ્રલય થાય માટે માત્ર પરમાણુઓથી પરમાત્માના નિમિત્ત કારણ વિના સૃષ્ટિ બની શકે નહીં તે સિદ્ધ થાય છે. વળી સાકાર જગત રૂપવાળું છે. જ્યારે બ્રહ્મ નિરાકાર અને રૂપરહિત છે તેથી બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ નથી. આ ઉપરાંત માયા બ્રહ્મથી જુદી કે બંને એક જ છે? જો માયા જ બ્રહ્મ હોય તો માયા જડ અને વિકારી હોવાથી બ્રહ્મ પણ વિકારી અને જડ હોવો જોઈએ અને માયા બ્રહ્મથી ભિન્ન પદાર્થ હોય તો માયા જગતનું ઉપાદાન કારણ થશે બ્રહ્મ ઉપાદાનકારણ થશે નહિ. જો માયાવાદીઓના મતમાં એમ હોય કે બ્રહ્મ ઉપર પડદો નાખીને માયા સર્વ સૃષ્ટિનું ભાન કરાવી દે છે તો તેવું કોઈ પ્રમાણ કે યુક્તિદ્વારા સિદ્ધ થતું નથી માટે માયોપાધિવાળું બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ થઈ શકે નહિ. માટે બ્રહ્મ જગતનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ છે, એ માન્યતા ખોટી છે. વેદાદિ શાસ્ત્ર વિરૂદ્ધ છે. શ્રી શંકરાચાર્યે સૂત્ર ૧૧ થી ૧૭ સુધી મહર્ષિ કણાદકૃત વૈશેષિક દર્શનના પરમાણુ કારણવાદ પર ખોટું દોષારોપણ કરી પ્રહાર કર્યો છે જે તદ્દન અશિષ્ટ, અનધિકારચેષ્ટાયુકત, લોકોને ઉંધે રસ્તે દોરનારૂં છે. કારણ કે શ્રી કણાદે વૈશેષિક દર્શનમાં કયાંય પણ એવું માન્યું નથી. કે કયાંય પણ એવું પ્રતિપાદન કર્યું નથી કે માત્ર પરમાણુ પરમાત્માની સહાયતા વિના આ જગત ઉત્પન્ન કરે છે. મહર્ષિ કણાદ બ્રહ્મને જગતનું નિમિત્ત કારણ માને છે અને પરમાણુઓને જગતનું ઉપાદાન કારણ માને છે છતાં શ્રી શંકરાચાર્યે સૂત્ર ૧૧ થી ૧૭ સુધીના ભાષ્યમાં શ્રી કણાદ મુનિ ઉપર ખોટો આરોપ મૂકી, અસત્ય કલ્પના કરીને તેનું ખંડન કર્યું છે તે અયોગ્ય છે જેવી રીતે શ્રી કપિલ મુનિ પર માત્ર પ્રકૃતિથી જ જગત ઉત્પન્ન થયું છે તેવો ખોટો આરોપ મૂકીને તેનું ખંડન કર્યું છે તેવી જ રીતે શંકરાચાર્યે શ્રી કણાદ મુનિ ઉપર પણ માત્ર પરમાણુથી જ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે એમ માનવાનો ખોટો આરોપ મૂકયો છે. સાંખ્યમાં ईश्वरासिद्धेः સૂત્રનો ખરો અર્થ એજ છે કે ઈશ્વર જગતનું ઉપાદાન કારણ છે તે સિદ્ધ થઈ શકતું નથી અને તે માન્યતા ખરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈશેષિક દર્શન વાંચવાથી જણાશે કે દર્શનકાર સર્વ મહર્ષિઓ એકમત ધરાવે છે અને તેઓ વચ્ચે જગત, બ્રહ્મ અને જીવ વિષયમાં અને સૃષ્ટિ ઉત્પત્તિના વિષયમાં કશો મતભેદ નથી. પરંતુ કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત અને દ્વૈતાદ્વૈત વિગેરે મિથ્યાવાદો ઊભા કરી વેદાદિશાસ્ત્રોમાં વિરોધ છે તેવી વાત ફેલાવી આધુનિક સંપ્રદાયના આચાર્યોએ જનતાનું ઘણું જ અહિત કર્યું છે અને વેદાદિશાસ્ત્રોને બદનામ કર્યા છે. જીવ અને પ્રકૃતિને બ્રહ્મનું શરીર બતાવનારો વિશિષ્ટાદ્વૈતવાદ અને જીવને બ્રહ્મના અંશરૂપે અંશાંશિભાવયુક્ત શુદ્ધાદ્વૈતવાદ પણ અવૈદિક હોવાથી ત્યાજ્ય છે. વેદમાં તેવા કોઇ વાદનો ઉલ્લેખ નથી અને આધુનિક સર્વસંપ્રદાયો વેદવિરુદ્ધ છે એ મહર્ષિ દયાનંદે પોતાના ગ્રંથોમાં સિદ્ધ કરી બતાવ્યું છે.

દર્શનોમાં પરસ્પર વિરોધની ખોટી માન્યતા

જગતના ઉપાદાન કારણમાં અને તેને લગતા અન્ય વિષયોમાં મહર્ષિઓ પ્રણીત દર્શનશાસ્ત્રો વચ્ચે વિરોધ છે એવી માન્યતા સાંપ્રદાયિક આચાર્યો અને તેના અનુયાયીઓએ ફેલાવેલ છે. તેમણે કરેલાં ભાષ્યો, ટીકાઓ, વાર્તિકો વિગેરેમાં મહર્ષિ કપિલ, કણાદ, વ્યાસ વિગેરેના સિદ્ધાંતોમાં મોટો મતભેદ છે એમ પ્રતિપાદન કર્યું છે, પરંતુ મૂળ સૂત્રો તપાસતાં છએ છ દર્શનો વચ્ચે બ્રહ્મ, જીવ, જગતના મૂળ કારણ, પુનર્જન્મ અને મોક્ષ વિગેરે વિષયોમાં કશો મતભેદ જોવામાં આવતો નથી. બધા મહર્ષિઓએ બ્રહ્મને જગતનો કર્તા, ધર્તા અને સંહર્તા, વિભુ, ઉપાસ્ય અને મોક્ષ દાતા માનેલ છે. સર્વે શાસ્ત્રો જીવાત્માને સ્વકર્માનુસાર જન્મ ધારણ કરી ફળ ભોગવનાર, અલ્પજ્ઞ, એકદેશીય, બ્રહ્મથી વ્યાપ્યવ્યાપકસંબંધયુક્ત માને છે અને જગતના ઉપાદાન કારણ તરીકે પ્રકૃતિ, પરમાણુ, આકાશ, કાળ, દિશા વિગેરે જડ તત્ત્વોને નિત્ય, અચેતન, બ્રહ્મને આધીન તત્ત્વો તરીકે માને છે. જ્ઞાન, કર્મ અને ઉપાસના વડે જીવને મોક્ષ મળે છે તેમ પણ માને છે.

પ્રકૃતિ અને પરમાણુનો સંબંધ

કેટલાક દાર્શનિક ભાષ્યકારો અને સાંપ્રદાયિક વિદ્વાનો પ્રકૃતિને જગતનું ઉપાદાન કારણ માને છે, અને કેટલાક પરમાણુને જગતનું ઉપાદાન કારણ માને છે. તેઓએ એમ બતાવવા પ્રયત્ન કર્યો છે કે શ્રી કપિલ મુનિ અને મહર્ષિ શ્રી કણાદ વચ્ચે જગતના ઉપાદાન કારણ વિષે મતભેદ છે; પરંતુ ખરી રીતે જોતાં બન્ને સાંખ્ય અને વૈશેષિક દર્શન વચ્ચે તે વિષયમાં કાંઈ પણ મતભેદ નથી, પરંતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને વચ્ચે સમાનતા છે. અવિદ્વાનોએ ઊભા કરેલા આવા પ્રકારના મતભેદનો સૌથી પ્રથમ વિરોધ કરનાર મહર્ષિ દયાનંદે સર્વ દર્શનની એકવાક્યતા પોતાના પ્રસિદ્ધ અને શ્રેષ્ઠ ગ્રંથ સત્યાર્થપ્રકાશમાં સિદ્ધ કરી બતાવી છે તેને અહીં વિશેષ સ્પષ્ટ કરવામાં આવે છે.

પ્રકૃતિ શું? અને પરમાણુ શું?

આ દૃસ્યમાન અને અદૃષ્ટ પદાર્થોના બે વિભાગ કરી શકાય. એક ચેતન અને બીજો જડ એટલે અચેતન છે. તેમના પેટા વિભાગો અનેક છે, ચેતનના પેટા વિભાગમાં જગત્ કર્તા બ્રહ્મ અને જગત ભોક્તા જીવ અથવા જીવાત્મા છે, જે ચેતન-વર્ગમાં છે અને તેમાં બ્રહ્મ જગતનું નમિત્ત કારણ છે, હવે બીજો વિભાગ જે જડ અથવા અચેતન છે જેને ઉપાદાન કારણ કહેવાય છે તેમાં નીચેના પદાર્થોનો સમાવેશ થાય છે. કારણ રૂપ આકાશ, કાળ, પ્રકાશશક્તિયુક્ત પરમાણુ, ક્રિયાશક્તિયુક્ત પરમાણુ અને આવરણશક્તિયુક્ત પરમાણુ વિગેરે અનાદિ અનંત નિત્ય જડ તત્વો છે અને તેજ આ જગતનું ઉપાદાન કારણ છે, તેને જ પ્રધાન કારણ કહેવાય છે. ઉપર જણાવેલા અસંખ્ય પરમાણુઓની ત્રણ અવસ્થા હોય છે; અને તે ત્રણ અવસ્થા-ઓમાં તેઓ પોતાનું અસ્તિત્વ અને કાર્ય જગત્કર્તૃત્વ શક્તિને આધીન રહીને પ્રગટ કરે છે. તે ત્રણ અવસ્થાઓના નામ પ્રકૃતિ, વિકૃતિ અને સ્વધા છે. જ્યારે જગત્ બનાવવાનો આરંભ થાય છે, તે પહેલાંની તેઓની સામ્ય અવસ્થાનું નામ પ્રકૃતિ કહેવાય છે. સત્વ, રજ, તમ પરમાણુઓની સામ્ય અવસ્થા હોય છે. ત્યાં સુધી જગતની ઉત્પત્તિ થતી નથી, તે સામ્ય અવસ્થાને અંગ્રેજીમાં Triangle of equilibrium of forces કહેવાય છે. તે સામ્ય અવસ્થામાં ક્ષોભ ઉત્પન્ન થાય છે અને તેથી મહત્તત્વ વિગેરે દ્વયણુક, ત્રયણુક, હ્રસ્વ, દીર્ઘ, મહદાદિ પરિ-ણામો થાય છે અને જગતની ઉત્પત્તિ અને સ્થિતિ અર્થાત્ સંચાલન થતું રહે છે. તે વખતે ઉપર્યુક્ત પરમાણુ આદિની સામ્ય અવસ્થા પ્રકૃતિને બદલે વૈષમ્ય અવસ્થા વિકૃતિ હોય છે. જે અવસ્થા પ્રલય સુધી રહે છે, અને ત્યાર પછી ઉપર જણાવેલાં અચેતન અથવા જડ તત્વોના સંઘાતો વિખુટા પડી મૂળ કારણ અવસ્થાને પ્રાપ્ત થાય છે, ત્યારે **સ્વધા** અવસ્થા કહેવાય છે.

વેદના અનેક મંત્રોમાં ઉપર જણાવેલી ત્રણેય અવસ્થા વિશેષનાં નામો, પ્રકૃતિ, વિકૃતિ અને સ્વધા વર્ણવેલાં છે. એટલે પરમાણુ આદિની અવસ્થા વિશેષનાં નામો પ્રકૃતિ, વિકૃતિ અને સ્વધા છે, એ રીતે સાંખ્યમાં વર્ણવેલ પ્રકૃતિ અને વૈશેષિકમાં વર્ણવેલ પરમાણુઓ વચ્ચે વિરોધ નથી, પરંતુ એકવાક્યતા છે, સામંજસ્ય અને અનુકૂળતા છે. શ્રી શંકરાચાર્ય આદિ સાંપ્રદાયિક આચાર્યોએ અહીં ગંભીર ભૂલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી છે, અને દર્શનોમાં પરસ્પર વિરોધ છે એવી મિથ્યા કલ્પના કરી છે. તેમના અનુયાયીઓએ તેને વધારીને પહાડ જેટલો વિરોધ કરી મૂકયો છે, અને મહર્ષિઓના મૂળ સિદ્ધાંતોને વાસ્તવિક સ્વરૂપમાં સમજવા મુશ્કેલ બનાવી દીધા છે. દૈવીશક્તિ, પરા શક્તિ, માયા, મહામાયા, પ્રકૃતિ, પ્રધાન કારણ, અવ્યકત, અવ્યાકૃત તથા મૂળ કારણ એ બધાં પર્યાયવાચી શબ્દો છે.

પ્રલયકાળ દરમ્યાન સંપૂર્ણ જગત્ પીંડીભૂત થઇને એટલે કાર્યાવસ્થાને છોડીને પ્રકૃતિમાં લીન થાય છે તે સમયે તે સ્વયંભા કહેવાય છે. એનું વર્ણન ઋગ્વેદના દસમા મંડળમાં નાસદીય સૂકતમાં કરેલું છે.

પરમાણુવાદ ઉપર થતી શંકાઓનું નિવારણ

કેટલાક વિદ્વાનો એવી શંકા કરે છે કે જ્યારે અનેક પરમાણુઓના સંયોગથી સૃષ્ટિ થાય છે ત્યારે સૌથી પ્રથમ બે પરમાણુઓનો સંયોગ થાય છે તેના પ્રથમ સંયોગે બે પરમાણુઓ એક બીજાથી સર્વાંશમાં મળે છે કે બંનેનો એક ભાગ મળે છે અને બાકીનો ભાગ સ્પર્શ વિનાનો રહે છે? જો એક ભાગ મળતો હોય તો પરમાણુ વિભાગવાળું છે એમ માનવું પડે અને જો સર્વાંશમાં મળે તો તેમનું એક બીજા સાથે મળી જવાથી દ્વયણુક, ત્રયણુક આદિ દીર્ઘ મહત્ત્વાદિ પરિમાણો થઈ શકશે નહિ; માટે પરમાણુ જગતનું ઉપાદાન કારણ બની શકે નહિ. ઉપર જણાવેલ તર્ક આવવાને લીધે ઉત્પન્ન થયેલ છે. ભિન્ન ભિન્ન પરમાણુઓના પ્રથમ સંયોગમાં સર્વાંશે યોગ થવા છતાં એક બીજાની અંદર લીન થતું નથી; કારણ કે એક પદાર્થ સૂક્ષ્મ હોય અને બીજો સૂક્ષ્મતર હોય તો એક બીજાની અંદર અવ્યાપ્યવૃત્તિ સંબંધ થઈ શકે, પરંતુ પરમાણુમાં તેમ ન હોવાથી બે અથવા અધિક સૂક્ષ્મ પરમાણુઓના સંયોગથી વ્યાપ્યવ્યાપકસંબંધ થતો નથી પરંતુ ઘનીભૂત થાય છે અને સૂક્ષ્મ અવસ્થામાંથી સ્થૂલતર અવસ્થા પ્રાપ્ત થાય છે. જેમ એક અવિભાજ્ય કાગળનો ટૂકડો છે તે તેવા જ બીજા અવિભાજ્ય કાગળના ટૂકડા સાથે ચોંટી જવાથી સ્થૂલ અને ઘનત્વને પ્રાપ્ત થાય છે અને પોતપોતાના અવિભાજ્યપણાને બાધ આવતો નથી. તેવી રીતે બે પરમાણુઓના સંયોગથી સૂક્ષ્મ અવસ્થામાંથી સ્થૂળ અને તે પછી સ્થૂળતર અવસ્થા પ્રાપ્ત થાય છે. વળી સત્વ, રજ અને તમો ગુણયુકત પરમાણુઓના મુખ્યતઃ અનેક અવાંતર ભેદો હોય છે; જેમકે વાયુના પરમાણુઓ, અગ્નિ, જળ વિગેરેને પરમાણુઓ વિગેરે છે. આવી રીતે સૂક્ષ્મ ભૂતો, તન્માત્રા, સ્થૂળ ભૂતો વિગેરેમાં દીર્ઘ મહદાદિ પરિમાણો ઉત્પન્ન થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાકો એમ શંકા કરે છે કે પ્રત્યેક પરમાણુ બીજા પરમાણુ સાથે સંયુક્ત થતાં પોતાનું પારિમાંડલ્ય કાયમ રાખી શકશે નહિ; આ શંકા પણ ખોટી છે. પ્રત્યેક પરમાણુ પોતાનું પારિમાંડલ્ય કાયમ રાખીને જ બીજાની સાથે મળે છે.

કેટલાકો એમ શંકા કરે છે કે પરમાણુ પોલું છે કે ઘન? જો પોલું હોય તો નિત્ય હોય શકે નહિ. કારણ કે તે આકાશ વડે વિભાજ્ય ગણાશે જે પરમાણુની પરિભાષાથી વિરુદ્ધ જશે, અને જો ઘન છે એમ કહો તો આકાશ તેની અંદર જઈ શકશે નહિ એટલે આકાશને અવ્યાપકત્વનો દોષ લાગશે; માટે પરમાણુ નિત્ય અને અવિભાજ્ય હોઈ શકે નહિ. આ શંકાનો ઉત્તર વૈશેષિક દર્શનના ચોથા અધ્યાયના પ્રથમ આહ્નિકમાં સૂત્ર ૫ માં આપેલ છે કે એ બધી શંકાઓ અવિદ્યાયુક્ત છે. પરમાણુને ઘન માનવા છતાં આકાશને સર્વવ્યાપક માનવામાં દોષ આવતો નથી. સર્વવ્યાપક એને કહે છે કે જે સર્વ મૂર્તદ્રવ્ય સાથે સંયોગ રાખે, આકાશનો સર્વ પરમાણુઓ સાથે સંયોગ છે જ; માટે તે વ્યાપક પણ છે. અહીં પરમાણુની અંદર આકાશ માનવાની જરૂર નથી.

નવીન વેદાંતીઓ તથા અન્ય વિદ્વાનો તરફથી એક આક્ષેપ એમ કરવામાં આવે છે કે જગતનું નિમિત્ત કારણ બ્રહ્મ માનવામાં જે ઘટ પટાદિના દૃષ્ટાંતોમાં કુંભાર વિગેરેનાં જે ઉદાહરણો આપવામાં આવે છે તે યોગ્ય નથી. કારણ કે ઘડો બનાવ્યા પછી કુંભાર અને ઘડો બન્ને જુદા જુદા સ્થાનમાં રહે છે, અને બન્ને એકદેશીય પદાર્થો છે; પરંતુ જગત્ બનાવતી વખતે અને બની ગયા પછી કુંભારની માફક બ્રહ્મ જગતથી બહાર અન્ય દેશમાં રહેતો નથી, પરંતુ સર્વ સમયમાં સર્વની અંદર જ રહે છે માટે બ્રહ્મ જગતનું માત્ર નિમિત્ત કારણ નથી, પરંતુ ઉપાદાન કારણ પણ છે. આ આક્ષેપ પણ અવિદ્યાયુક્ત છે. ઘડો બનાવીને કુંભાર ઘડામાં રહેતો નથી અને વસ્ત્રને બનાવીને વણકર વસ્ત્રમાં રહેતો નથી તેથી ઘટ પટનું કાર્ય દોષવાળું, અનિત્ય અને એક સરખું બનતું નથી; પરંતુ અનેક દોષયુક્ત, વારંવાર બગડી જાય, તૂટી જાય અને તેની ક્રિયા ગમે ત્યારે અનિયમિત થઈ નષ્ટ થઈ જાય છે, પરંતુ સૃષ્ટિ રૂપી કાર્ય નિરંતર ચાલુ, દોષરહિત, નિયમિત, કોઈ પણ સમયે બગડે નહિ અને દરેક તત્ત્વો પોત-પોતાનું કાર્ય ભૂલ કે પ્રમાદ રહિત નિરંતર એકધારૂં કર્યે જાય છે; તેનું કારણ જગતકર્તા પરમાત્મા નિરંતર તેની અંદર સર્વદા જાગૃત રહીને અને અન્ય તત્ત્વોના ગુણ ક્રિયાને નિરંતર જાગૃત રાખીને સર્જન, સંચાલન, વિસર્જન વિગેરે કાર્યો કર્યે કરાવ્યે જાય છે, અને પ્રકૃતિ, વિકૃતિ અને સ્વધા અવસ્થામાં ઉપાદાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણને સર્વદા ધારણ કરી રાખે છે તેથી પરમાત્મા જગત્નું નિરંતર, નિત્ય, ઉપસ્થિત, સદા સર્વકાળનું નિમિત્ત કારણ બની રહે છે. જ્યારે કુંભાર, વણકર આદિ અનિત્ય, અનુપસ્થિત, એકદેશીય, સમયવિશેષને માટે જ નિમિત્ત કારણ હોય છે; એટલો ભેદ સામયિક નિમિત્ત કારણ અને નિત્ય સાર્વકાલિક નિમિત્ત કારણમાં ભેદ છે. નીચેના મંત્રમાં નિત્ય નિરંતર સાર્વકાલિક નિમિત્ત કારણ રહી બ્રહ્મ પરમાણુ વડે કેવી રીતે જગતનું સર્જન, વિસર્જન અને સંચાલન કરે છે તે વર્ણવેલ છે.

विश्वतश्चक्षुरुत विश्वतोमुखो विश्वतो बाहुरुत विश्वतस्पात्।
संबाहुभ्यां धमति संपतत्रै र्द्यावाभूमी जनयन्देवः एकः- ॥

યજુર્વેદ વિગેરેમાં ઉપલો મંત્ર આવ્યો છે, અ. ૧૭-૧૯. યજુ. જેનો અર્થ નીચે મુજબ છે.

વિશ્વતશ્ચક્ષુઃ સર્વસ્મિન્ જગતિ દર્શનં યસ્ય સઃ જગતના તમામ સ્થાનમાં અને પદાર્થોમાં જેની પ્રતીતિ, અનુભવ, દર્શન, વિગેરે થાય છે. વિશ્વતોમુખઃ સર્વત્રઃ મુખં ઉપદેશનં યસ્ય સઃ જગતના તમામ પદાર્થોનું કાર્યકારણભાવે ધ્યાન ધરતાં જે પ્રભુ વિષેનું ઉપદેશજ્ઞાન વિગેરે પ્રાપ્ત થાય છે. વિશ્વતોબાહુઃ સર્વત્ર બલં વીર્યં યસ્ય સઃ જગતના તમામ સ્થાનોમાં આકાશ, દિશા અને સર્વ દેશમાં જેનું બળ અને પરાક્રમ અને ક્રિયા નિરંતર કાર્ય કરતાં જોવામાં આવે છે. વિશ્વતસ્પાત્ સર્વત્ર ગતિઃ વ્યાપ્તિ ર્યસ્ય સઃ જેની સર્વત્ર અને સર્વકાળમાં ગતિ અને વ્યાપ્તિ છે; નિરંતર કુદરતના તત્વો સૂર્ય, ચંદ્ર, વાયુ આદિના કાર્ય પર જેની અખંડ દેખરેખ છે, અને જીવોનાં કર્મો અને ફળ વ્યવસ્થા નિરંતર ચાલી રહેલી છે તે પતત્રૈઃ પરમાણવાદિભિઃ પરમાણુઓ વડે સૂર્યપૃથ્વીલોકૌ કાર્યરૂપેણ પ્રકટનં સત્ સૂર્ય, પૃથ્વી આદિ લોકલોકાંતરને કારણ રૂપ પરમાણુઓ વડે કાર્ય રૂપમાં પ્રગટ કરે છે. જનયન્ દેવ એકઃ અસહાયઃ અદ્વિતીયઃ સ્વપ્રકાશઃ દિવ્યગુણયુક્તઃ તે એક જ, બીજાની સહાયતાની અપેક્ષા રહિત, જેની બીજો કોઈ બરોબરી કરી શકે નહિ તેવા સ્વપ્રકાશથી આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા દિવ્ય ગુણ યુકત પરમાત્મા જગતનું ઉત્પાદન, સંચાલન અને વિસર્જન કરે છે.

ઉપર જણાવેલ મંત્ર જગતના નિત્ય, સાર્વકાલિક નિમિત્ત કારણ સૃષ્ટિકર્તા પરમાત્મા મૂળ કારણ રૂપ પરમાણુમાંથી કાર્ય રૂપ જગતને બનાવે છે તેવું સ્પષ્ટ વિધાન છે, છતાં નવીનવેદાંતીઓ અને સાંપ્રદાયિકો વેદવિરુદ્ધ માન્યતાઓને ફેલાવે છે, અને કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત આદિ વાદો ઊભા કરી મહર્ષિ

CC-0. In Public Domain. Gúrukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપિલ, કણાદ, વ્યાસ વિગેરેના સિધ્ધાંતો વિરુધ્ધ દર્શનોનાં ભાષ્યો, કારિકાઓ, ટીકાઓ વિગેરે લખી પોતાના વાડાઓ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પ્રકૃતિ, પરમાણુ આદિ નિત્ય અને જગતનું ઉપાદાન કારણ છે તે બતાવનારા વેદોમાં અનેક મંત્રો આવેલા છે. ઈશ્વર જગતનું અદૃષ્ટ નિમિત્ત કારણ છે, અને પરમાણુ આદિ વડે જગતને બનાવે છે તેના વેદોમાં પ્રમાણો અનેક છે. જુઓ. ઋગ્વેદ ૧-૧-૩-૪

इन्द्रायाहि चित्रभानो सुता इमे त्वायवः अणवीभिस्तना पूताः

અર્થ:— હે આશ્ચર્ય પ્રકાશયુકત પરમેશ્વર આપે કારણ અવસ્થા-વાળા પરમાણુઓ વડે આ જગતને વિસ્તૃત રૂપે બનાવ્યું છે, તે જગતના પદાર્થોને અમે પવિત્ર થઇને ધર્માનુસાર તેનો ઉપયોગ કરીએ.

આ લેખમાં પ્રકૃતિ, પરમાણુ આદિ જગતનું ઉપાદાન કારણ છે; તેની સિદ્ધિ માટે વેદાદિશાસ્ત્રોનાં થોડાં પ્રમાણો આપવામાં આવેલ છે. વેદોમાં અનેક પ્રમાણો આવેલાં છે. જેમાં બ્રહ્મ જગતનું નિમિત્ત કારણ અને પ્રકૃતિ એટલે પરમાણુઓની સામ્યવસ્થામાંથી વિષમ અવસ્થાવાળું આ જગત બનેલું હોવાથી પ્રકૃતિ અને પરમાણુ જગતનું ઉપાદાન કારણ છે, તે વૈદિકોનો મત છે. અભિન્ન નિમિત્તોપાદન કારણનો સિદ્ધાંત અવૈદિક છે, એ સિદ્ધ થાય છે. શ્રી શંકરાચાર્ય આદિ સાંપ્રદાયિક આચાર્યો વેદને સ્વતઃ પ્રમાણ માને છે, અને સ્મૃતિકારો પણ ધર્મ જિજ્ઞાસમાનાનાં પ્રમાણં પરમં શ્રુતિઃ એમ માને છે; માટે શ્રી શંકરાચાર્યનું શારીરક ભાષ્ય, શ્રી રામાનુજનું શ્રીભાષ્ય, શ્રી વલ્લભાચાર્યનું અણુભાષ્ય, શ્રી નિંબાકાચાર્યનું વેદાંતપારિજાતસૌરભનામક ભાષ્ય અને અન્ય સાંપ્રદાયિક ભાષ્યો અવૈદિક હોવાથી ત્યાજ્ય છે. જીવાત્માના સ્વરૂપ વિષે અને મોક્ષ અવસ્થા અને મોક્ષ પ્રાપ્તિના સાધનો વિષે પણ ઉપરના આધુનિક સાંપ્રદાયિક આચાર્યોએ જગતમાં મહાન અજ્ઞાનાંધકાર ફેલાવેલ છે, એટલે સાંપ્રદાયિકોએ કરેલાં પ્રસ્થાનત્રયી ઉપરનાં ભાષ્યો વિગેરે પણ ભ્રમમૂલક, ભ્રાંતિ યુકત, યુક્તિ અને વૈદિક ગ્રંથોના પ્રમાણ વિરુદ્ધ હોવાથી પરસ્પર લડનારાં, લડાવનારાં અને ત્યાજ્ય છે; માટે વિવેકી મનુષ્યોએ સાંપ્રદાયિક જાળમાંથી નિકળી શુદ્ધ વૈદિક બનવું જોઇએ.

ઉપર જણાવેલા મહર્ષિઓ ગોતમ, કણાદ, વ્યાસ, કપિલ, જૈમિનિ અને પતંજલિએ બનાવેલાં દર્શન શાસ્ત્રો ન્યાય, વૈશેષિક, બ્રહ્મસૂત્ર, સાંખ્ય અને પૂર્વમીમાંસાના સૂત્રોમાં કોઈ પણ પ્રકારનો સૃષ્ટિ ઉત્પત્તિ વિષયમાં મતભેદ નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરેકને પોતપોતાની પ્રક્રિયામાં ભેદ હોવાથી સાંપ્રદાયિકોએ જગતમાં ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે, તે ભ્રમનું નિવારણ મહર્ષિ દયાનંદે વેદભાષ્યાદિ ગ્રંથો લખી કર્યું છે.

દર્શનશાસ્ત્રોમાં પ્રતિપાદિત થયેલા વિષયો સામાન્ય જનતા માટે સમજવા મુશ્કેલ થઈ પડે છે, અને કેટલાક પારિભાષિક શબ્દો હોય છે જેની પોતાની ખાસ પ્રકરણાનુસાર વ્યાખ્યા હોય છે, છતાં આ લેખમાં તેને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જો કોઈ જિજ્ઞાસુ બંધુને આ લેખના કોઈ પણ શબ્દ, સિદ્ધાંત કે અર્થની સમજણ ન પડે તો મને પત્ર દ્વારા અથવા રૂબરૂ મળીને પૂછીને સમજી લેવાની ભલામણ કરું છું. આવા ગહન વિષય ઉપર ટુંકામાં લખી સમજાવવું અતિ દુષ્કર છે તેથી કેટલાક ભાઇઓને આ લેખ લાંબો લાગશે, પરંતુ અન્યથા શક્ય ન હોવાથી ક્ષમા માગું છું. આ લેખથી કોઈનું મન દુભાયું હોય કે કોઈની અપ્રતિષ્ઠા થઈ હોય તો તેમને માટે હું દીલગીર છું; કારણ કે આ લેખ લખવાનો તેવો હેતુ નથી, અને બીજો કોઈ ઉપાય નથી.

સ્વ. જેઠા પ્રેમજી પુસ્તક પ્રકાશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો તથા દર્શનાચાર્ય પં. મયાશંકરજીનો પણ આભાર માનું છું; કે જેમણે વૈશેષિક દર્શનના ગુજરાતી ભાષ્યના આગળના ભાગમાં આ લેખને સ્થાન આપવા ઉદારતા બતાવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૃષ્ટિના ઉપાદાન કારણ અને દર્શનોમાં અવિરોધ વિષે

: મહર્ષિ દયાનંદ :

પ્રશ્ન—જગતમાં કેટલાં કારણો છે?

ઉત્તર—ત્રણ. ૧ નિમિત્ત, ૨ ઉપાદાન, ૩ સાધારણ; નિમિત્ત કારણ એ કહેવામાં આવે છે કે જેના બનાવવાથી વસ્તુ બને અને ન બનવાથી ન બને, પોતે બને નહિ; (અર્થાત્ પોતે રૂપાંતરમાં ન આવે. અનુ.) અને બીજાને રૂપાંતરમાં લાવે. બીજું ઉપાદાન કારણ એ કહેવામાં આવે છે કે, જેના વિના કશુંએ ન બને પોતે જ રૂપાંતરમાં આવી કાર્ય રૂપે થઈ જાય, અને પોતાના બગડવાથી કાર્ય પણ બગડે. ત્રીજું સાધારણ કારણ એ કહેવામાં આવે છે કે જે બનાવવામાં હોય અને સાધારણ નિમિત્ત હોય.

નિમિત્ત કારણ બે પ્રકારનું છે. તેમાં એક તો સર્વ સૃષ્ટિને કારણમાંથી બનાવી સ્થિતિ કરવામાં, પ્રલય કરવામાં, સંપૂર્ણ વ્યવસ્થા રાખનાર મુખ્ય કારણ પરમાત્મા છે.

બીજું નિમિત્ત કારણ—પરમેશ્વરની સૃષ્ટિમાંથી પદાર્થોને લઈ અનેકવિધ કાર્ય બનાવનાર સાધારણ નિમિત્ત કારણ જીવ છે.

ઉપાદાન કારણ પ્રકૃતિ છે જેને પરમાણુ અથવા સર્વ જગત બનાવવાની સામગ્રી કરે છે, તે જડ હોવાથી પોતાની મેળે બનતી તથા બગડી શકતી નથી; બીજાના બનાવવાથી બને છે અને બગાડવાથી બગડે છે.

વિરોધ ત્યાં કહેવાય છે કે જ્યાં એક જ વિષયમાં વિરુદ્ધવાદ હોય; શાસ્ત્રોમાં પણ વિરોધ નથીઃ જુઓ, નીચે પ્રમાણે :—

મીમાંસાઃ— એવું કોઇપણ કાર્ય જગતમાં નથી કે, જે બનાવવામાં ક્રિયા ન કરવી પડે.
વૈશેષિકઃ— સમય લાગ્યા વગર કોઈપણ કાર્ય બની શકતું નથી.
ન્યાયઃ— ઉપાદાન સિવાય કંઇ પણ બની શકતું નથી.
યોગઃ— વિદ્યા, જ્ઞાન, અને વિચાર કર્યા વિના કંઈ પણ બની શકતું નથી.
સાંખ્યઃ— તત્ત્વના સંયોગ વિના કંઈ પણ બની શકતું નથી.
વેદાંતઃ — બનાવનાર ન હોય તો કંઈ પણ બની શકતું નથી.

એ પ્રમાણે સૃષ્ટિ છ કારણોથી બને છે અને છ શાસ્ત્રોમાંના એકેક શાસ્ત્રમાં એકેક કારણની વ્યાખ્યા છે, માટે એમાં કશો પણ વિરોધ નથી; જેમ છ માણસ મળી એક છાપરાને ઉપાડી ભીંત ઉપર ચડાવે છે તેમ સૃષ્ટિરૂપ કાર્યની વ્યાખ્યા છ શાસ્ત્રકારોએ મળી કરી છે.

અનાદિ, નિત્યસ્વરૂપ, સત્વ, રજ અને તમો ગુણની એકાવસ્થા રૂપ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા પરમ સૂક્ષ્મ પૃથક્ પૃથક્ વિદ્યમાન તત્ત્વાવયવોનો જે પ્રાથમિક સંયોગ અને એ સંયોગથી બીજી અવસ્થા એ પ્રમાણે સૂક્ષ્મથી સ્થૂલ અને સ્થૂલથી સ્થૂલાન્તર એમ બનતાં બનતાં જે વિચિત્ર રૂપ બન્યું છે તે સંસર્ગરૂપ હોવાથી સૃષ્ટિ કહેવાય છે. **(સત્યાર્થ પ્રકાશના આઠમાં સમુલ્લાસમાંથી)**

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आर्य समाज बम्बई में

सर्व प्रकार का वैदिक साहित्य संस्कृत, हिन्दी, गुजराती, मराठी और अंगरेजी भाषा में हर समय मिलता है।

रोग नाशक शुद्ध पवित्र सुगन्धिकारक हवन सामग्री हर समय तैयार मिलती है। एकवार अवश्य मगा कर परीक्षा करें।

मंत्री

आर्य समाज, बम्बई नं. ४

आर्य प्रकाश–साप्ताहिक

मुंबई प्रदेश आर्य प्रतिनिधि सभा का वैदिक सिद्धान्त प्रचारक तथा जनकल्याणकारी प्रश्नों का समाधानकारक आर्यप्रकाश साप्ताहिक अवश्य पढें।

मूल्य स्वदेश में ६) वार्षिक : विदेश में ९) अथवा १२ शि.

मगाने का पता :— व्यवस्थापक,
आर्य प्रकाश
आर्य समाज : बम्बई नं. ४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ ઓ૩મ્ ॥

* આર્યસમાજના દશ નિયમો *

(૧) સર્વ સત્ય વિદ્યા અને જે પદાર્થ વિદ્યાથી જાણવામાં આવે છે, તે સર્વનું આદિ મૂળ પરમેશ્વર છે.

(૨) ઈશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપ, નિરાકાર, સર્વશક્તિમાન, ન્યાયકારી, દયાળુ, અજન્મા અનંત, નિર્વિકાર, અનાદિ, અનુપમ, સર્વાધાર, સર્વેશ્વર, સર્વવ્યાપક, સર્વાન્તર્યામી, અજર, અમર, અભય, નિત્ય, પવિત્ર અને સૃષ્ટિકર્તા છે; તેની જ ઉપાસના કરવી યોગ્ય છે.

(૩) વેદ સર્વ સત્ય વિદ્યાઓનું પુસ્તક છે. વેદનું ભણવું, ભણાવવું અને સાંભળવું, સંભળાવવું; એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે.

(૪) સત્ય ગ્રહણ કરવામાં અને અસત્ય છોડવામાં હંમેશાં તૈયાર રહેવું જોઇએ.

(૫) સર્વકામ ધર્માનુસાર એટલે સત્યાસત્યનો વિચાર કરીને કરવાં જોઇએ.

(૬) સંસારનો ઉપકાર કરવો અર્થાત્ શારીરિક, આત્મિક અને સામાજિક ઉન્નતિ કરવી એ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ છે.

(૭) બધા સાથે પ્રીતિપૂર્વક, ધર્માનુસાર યથાયોગ્ય વર્તન થવું જોઇએ.

(૮) અવિદ્યાનો નાશ અને વિદ્યાની વૃદ્ધિ કરવી જોઇએ.

(૯) પ્રત્યેકે પોતાની ઉન્નતિથી સંતુષ્ટ રહેવાનું નથી, પણ સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સમજવી જોઇએ.

(૧૦) સર્વ મનુષ્યોએ સામાજિક, સર્વ હિતકારી નિયમ પાળવામાં પરતંત્ર રહેવું જોઇએ અને પ્રત્યેક હિતકારી નિયમમાં સ્વતંત્ર રહેવું જોઇએ.

—卐—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદ્રક : ગુલાબદાસ નારણદાસ પટેલ
મેનેજર : વૈદિક મુદ્રણાલય : ટાવર રોડ : નવસારી
પ્રકાશક : અમૃતલાલ કરસનજી પટેલ
મંત્રી : આર્ય સમાજ મુંબઇ, વી. પી. રોડ, કાકડવાડી, મુંબઈ ૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar